પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૮૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૭-૧૨-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાષ્ટ્રીય રાજપૂતકરણી સેનાના અધ્યક્ષની હત્યાના વિરોધમાં

## રાજયના મોટાભાગના ક્ષેત્રોમાં શાળા-કોલેજ તથા અનેક વ્યાપારી સંગઠનોએ બંધ પાળ્યો, અનેક જગ્યાએ તોડફોડ

જયપુર,

રાજસ્થાનમાં ગઈકાલે રાષ્ટ્રીય રાજપૂતકરણી સેનાના અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની તેમના જ નિવાસે બે શુટરોએ પોઈન્ટ બ્લેક રેન્જથી ચાર ગોળીઓ ધરબી દઈને કરેલી હત્યાના પગલે ગઈકાલે સાંજથી જ રાજસ્થાન ઉપરાંત દેશના અનેક ભાગોમાં રાજપૂત સમુદાયમાં જબરો આક્રોશ ફાટી નીકળ્યો તો રાજસ્થાનમાં રાજપૂત કરણી સેના સહિતના સંગઠનોએ આપેલા બંધના એલાનની વ્યાપક અસર જોવા મળી હતી અને જયપુર સહિત રાજયના મોટાભાગના ક્ષેત્રોમાં શાળા-કોલેજ બંધ રહેવા પામી હતી જયારે અનેક વ્યાપારી સંગઠનો પણ બંધમાં જોડાયા હોવાથી મોટાભાગના બજારો બંધ



જોવા મળ્યા હતાં.

આ હત્યાના આક્રોશમાં જયપુર સહિતના રાજયના અનેક શહેરોમાં હિંસાના થઈ હોવાના અહેવાલો છે અને બસો તથા ખાનગી વાહનો પણ સળગાવાયા હોવાના અહેવાલ છે. હજુ સુધી આ હત્યાને ઠંડે કલેજે અંજામ આપનાર બે શુટરો હજું પોલીસથી દુર રહ્યા છે તેમાં હરિયાણા તરફ નાસી છુટયા હોવાના અહેવાલ બાદ પોલીસે તે દિશામાં ટુકડીઓ દોડાવી છે તો બીજી તરફ રાજપૂત કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ મહીપાલસિંહે આક્ષેપ કર્યો કે પોલીસની બેપરવાહીથી આ હત્યા થઈ છે. તેઓએ આક્રોશ સાથે જણાવ્યું કે જો આરોપીઓ ઝડપાશે નહી તો અમો નવી સરકારને શપથ લેવા દેશું નહી અને જરૂર પડે ભારત બંધનું એલાન પણ આપીશું.

જયપુરમાં અનેક સ્થળોએ લોકોએ સડકો પર આવી ચકકાજામ કર્યા હતા. રાજયના ચૂરૂ સહિતના ક્ષેત્રોમાં પણ અશાંતિના અહેવાલ છે અને તોફાની ટોળાએ અનેક વાહનો તથા જાહેર ઈમારતો પર હુમલા કરી આગ ચાંપી હતી. રાજયમાં સરકારી બસ સેવાને મર્યાદીત કરી દેવાઈ હતી તથા ખાનગી ઓપરેટરોએ પણ તેની સેવાઓ હાલ બંધ રાખી હતી. ટોળાએ અનેક સ્થળોએ બસો રોકીને યાત્રીઓને ઉતારીને આગ ચાંપી હતી.

જયપુર, જોધપુર, કોટા, બિકાનેર, જેસલમેર, ચુરુ અને ઉદયપુર સહિત અન્ય જિલ્લાઓમાં બજારો બંધ છે. હત્યારાઓની ધરપકડની માંગ સાથે દેખાવો થઈ રહ્યા છે. જેના કારણે જયપુરમાં અજમેર-હાઈવે પર લગભગ ૨ કલાક જામ રહ્યો હતો. લોકોના ટોળાએ ભાજપના પ્રદેશ કાર્યાલયમાં તોડફોડ કરી હતી. લોકોનું ટોળું જોધપુર રેલવે સ્ટેશન પર પણ પહોંચી ગયું હતું અને સૂત્રોચ્ચાર કર્યા હતા. રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના પ્રમુખ સુખદેવ સિંહ ગોગામેડીની હત્યા બાદ રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન શરૂ થયા છે. બુધવારે રાજસ્થાન બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ભરતપુરમાં પણ આજે શ્રી કરણી સેના દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ પછી ભરતપુરમાં બજારો બંધ રહી હતી.રાજપૂત સમાજના લોકોએ કુમ્હેર ગેટથી પાવર હાઉસ સુધી રેલી કાઢીને વિરોધ પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ સમાજના લોકો જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યા હતા.શ્રી રાજપૂત સમાજના લોકોએ શહેરના કુમ્હેર ગેટથી મુખ્ય બજાર થઈને પાવર હાઉસ સુધી રેલી કાઢી હતી. પાવર હાઉસ ચોકડી પર ટાયરો સળગાવી વિરોધ કર્યો હતો.રાષ્ટ્રીય કરણી સેનાના સુપ્રીમો સુખદેવ સિંહ ગોગામેડીની જયપુરમાં દિવસે દિવસે દુષ્કર્મીઓ દ્વારા કરવામાં આવેલી હત્યાને લઈને પોખરણમાં સમાજમાં ભારે રોષ છે. ગઈકાલે જયપુરમાં સુખદેવ સિંહ ગોગામેડીની તેમના ઘરમાં ઘૂસીને હત્યા કરવામાં આવ્યા બાદ સમગ્ર રાજયમાં ખળભળાટ મચી ગયો છે, જેની અસર સરહદી જિલ્લા જેસલમેરમાં જોવા મળી રહી છે. સમાજના તમામ વર્ગના લોકોએ શોભાયાત્રા કાઢી પોકરણની બજાર બંધ કરાવી વિરોધ કર્યો હતો. જયપુરમાં સેવા સમિતિના પ્રમુખ બળવંત સિંહ જોધા, નગરપાલિકા પ્રમુખ મનીષ પુરોહિત, પૂર્વ ધારાસભ્ય સંગ સિંહ ભાટી, શિક્ષણવિદ ગુલાબ સિંહ ગાદી મંજૂર દીન આસુ સિંહ તંવર બાબુલાલ રાજુરામ રાજેશ વ્યાસના નેતૃત્વમાં ૩૬ સમુદાયના લોકોએ વિરોધમાં ભાગ લીધો હતો.મહુવા સબડિવિઝન હેડક્વાર્ટર ખાતે દૌસા બંધ પાળ્યો હતો. રસ્તા રોકો અને ટાયરો સળગાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતાં.

ગોગામેડી હત્યા કેસની સઘન તપાસ માટે ડીજીપી ઉમેશ મિશ્રાએ એસઆઈટીની રચના કરી છે. એડીજી ક્રાઈમ દિનેશ એનએમની દેખરેખ હેઠળ એસઆઈની રચના કરવામાં આવી છે. ગોગામેડી હત્યા કેસના બંને આરોપીઓની ઓળખ થઈ હતી.એફઆઈઆર નોંધાતાની સાથે જ બંને આરોપીઓ પર ૫-૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવશે. આરોપીઓ વિશે માહિતી આપનારને ૫ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. ડીજીપીએ કહ્યું કે પોલીસ હત્યારાઓને સક્રિય રીતે શોધી રહી છે.

## નકલી CMOની ઓળખ આપી ઠગાઈ કરનાર વિરાજ પટેલના ૯ દિવસના રિમાન્ડ મંજૂર

વડોદરા,

મહાઠગ વિરાજ પટેલની પોલીસની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસાઓ થવાની શક્યતા છે. બોગસ સીએમઓ બની ઠગાઈ કરનાર વિરાજ પટેલના કોર્ટે ૯ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. વડોદરા પોલીસની પૂછપરછમાં વિરાજ પટેલે કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહની મદદથી ભાગી છૂટ્યાનું કબૂલ કર્યું છે.

નકલી સીએમઓની ઓળખ આપી ઠગાઈ અને મોડેલ સાથે દુષ્કર્મના કેસમાં જેલમાં કેદ વિરાજને કોર્ટમાં રજૂ કરાયો હતો. આ સમયે જાપ્તા ટુકડીના કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહની મદદથી વિરાજ પટેલ ભાગી છુટ્યો હતો. જો કે ક્રાઈમ બ્રાંચ અને પીસીબીએ બે દિવસ પૂર્વે આરોપીને આસામ-મિઝોરમ બોર્ડર પરથી ઝડપી પાડ્યો હતો.

વડોદરા પોલીસની પૂછપરછમાં વિરાજ પટેલે કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહની મદદથી ભાગી છૂટ્યાનું કબૂલ કર્યું છે. જે બાદ ગોત્રી પોલીસે કોન્સ્ટેબલની હિતેન્દ્રસિંહની ધરપકડ કરીને આગળની તપાસ હાથ ધરી છે. વિરાજ ફરાર થયા બાદ પોલીસ તેને શોધી રહી હતી. પોલીસની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે વિરાજ પટેલ પૂર્વોત્તરના કોઈ રાજ્યમાં છુપાયો છે. જેથી પોલીસે આસામ અને મિઝોરમ સહિતના વિવિધ વિસ્તારોમાં આ માટે ટીમો મોકલી હતી.

આખરે પોલસની મહેનત રંગ લાવી અને નકલી સીએમઓ વિરાજ પટેલને આસામ-મિઝોરમ બોર્ડર પરથી ઝડપી પાડવામાં આવ્યો હતો.નવેમ્બર મહીનામાં ઠગબાજ વિરાજ પટેલ પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયો હતો.

## હાર બાદ કોંગ્રેસે ગેરવર્તણૂકનો આશરો લીધો છે, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર

નવીદિલ્હી,

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસને ચાર રાજ્યોમાં હારનો સામનો કરવો પડ્યો હતો. માત્ર તેલંગાણામાં કોંગ્રેસ બહુમતી સાથે પોતાની સરકાર બનાવવામાં સફળ રહી. કોંગ્રેસની હાર બાદ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે હાર બાદ કોંગ્રેસે ગેરવર્તણૂકનો આશરો લીધો છે. કોંગ્રેસ પર આરોપ લગાવતા અનુરાગ ઠાકુરે કહ્યું, 'તેમની વિચારસરણી સ્પષ્ટ છે. તેઓ દેશની સંસ્કૃતિ અને ઓળખને ખતમ કરવા માંગે છે. કેટલાક લોકો ટુકડે ટુકડે ગેંગ સાથે ઉભા છે. પરંતુ અમે દેશના ભાગલા નહીં થવા દઈએ. તેમની વિચારસરણી માત્ર હિન્દુત્વ અને સનાતન ધર્મનું અપમાન કરવાની છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો સનાતન ધર્મને બદનામ કરવાનું ચાલુ રાખે છે. તેલંગાણાના નવા સીએમ રેવન્ત રેડ્ડી પર નિશાન સાધતા તેમણે કહ્યું, 'તેલંગાણાના આવનારા સીએમએ એક નિવેદન બહાર પાડ્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે તેલંગાણાનું ડીએનએ બિહારના ડીએનએ કરતાં વધુ સારું છે. સનાતન ધર્મ, હિંદુઓ અને હિન્દીભાષી લોકો વિરુદ્ધ દ્વન્દ્વ નેતાઓનું ષડયંત્ર જાણીતું છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'દિગ્વિજય સિંહ સહિત ઘણા વિપક્ષી નેતાઓ ઈફર પર સવાલ ઉઠાવી રહ્યા છે. કોંગ્રેસને બંધારણીય સંસ્થાઓ પર વિશ્વાસ નથી. હાર પછી તે પોતાની હારના કારણોને જોતો નથી. તેઓ માત્ર ઈવીએમને દોષ આપે છે. તેઓ માત્ર હિન્દુઓ અને સનાતન ધર્મને નિશાન બનાવે છે. તમને જણાવી દઈએ કે વિધાનસભા ચૂંટણીમાં ભાજપે છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં જીત મેળવી હતી. જ્યારે તેલંગાણામાં કોંગ્રેસ અને મિઝોરમમાં જોરમ પીપલ્સ મૂવમેન્ટ સરકાર બનાવવામાં સફળ રહી.

## ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે ઈરાને પ્રાણીઓથી ભરેલી 'કેપ્સ્યુલ' હવામાં છોડતાં અવકાશમાં ખળભળાટ

અલઅવીવ,

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે ઈરાને શાનદાર કામ કર્યું છે. આનાથી આખી દુનિયા ચોંકી ગઈ છે. એક તરફ ઈઝરાયેલની સેના હમાસના આતંકવાદીઓ સામે લડી રહી છે તો બીજી તરફ ઈરાને એક મોટું સ્પેસ મિશન લોન્ચ કરીને ઈઝરાયલ અને અમેરિકાને ચોંકાવી દીધા છે. યુદ્ધની વચ્ચે ઈરાને અંતરિક્ષમાં પ્રાણીઓથી ભરેલી કેપ્સ્યુલ છોડી દીધી છે. આ કેપ્સ્યુલમાં એક નહીં, બે નહીં... પરંતુ અનેક પ્રાણીઓ છે. ઈરાને આ કેપ્સ્યુલને અવકાશમાં છોડ્યા બાદથી હોબાળો મચી ગયો છે. ઈરાનના આ સ્પેસ મિશન પર અમેરિકા અને ઈઝરાયેલ અને દુનિયાના અન્ય દેશોની ખૂબ જ ચાંપતી નજર છે.



હવે તમે વિચારતા હશો કે યુદ્ધ વચ્ચે ઈરાને આ પ્રાણીઓને અંતરિક્ષમાં કેમ મોકલ્યા?... તમને જણાવી દઈએ કે ઈરાન આવનારા વર્ષોમાં અંતરિક્ષમાં એક મોટા માનવ મિશનની તૈયારી કરી રહ્યું છે. ઈરાને બુધવારે કહ્યું કે તેણે આવનારા વર્ષોમાં માનવ મિશનની તૈયારીમાં આ 'કેપ્સ્યુલ'માં પ્રાણીઓને અવકાશની કક્ષામાં મોકલ્યા છે. જેથી આગામી મિશનમાં મનુષ્યને અવકાશમાં મોકલી શકાય. ઈરાનની સરકારી સમાચાર એજન્સી ઈરાને ટેલિકોમ્યુનિકેશન મિનિસ્ટર ઈસા ઝારેપુરને ટાંકીને કહ્યું કે કેપ્સ્યુલને ૧૩૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં લોન્ચ કરવામાં આવી હતી.

જરેપુરે જણાવ્યું કે આ કેપ્સ્યુલનું વજન ૫૦૦ કિલો છે. તેમાં અનેક પ્રકારના પ્રાણીઓ છે. કેપ્સ્યુલના લોન્ચિંગનો ઉદ્દેશ્ય આગામી વર્ષોમાં ઈરાની અવકાશયાત્રીઓને અવકાશમાં મોકલવાનો છે. કેપ્સ્યુલમાં કયા પ્રકારના પ્રાણીઓ હતા તે તેમણે જણાવ્યું ન હતું. ઈરાન ઉપગ્રહો અને અન્ય અવકાશયાનના સફળ પ્રક્ષેપણની જાહેરાત કરવાનું ચાલુ રાખે છે. સપ્ટેમ્બરમાં, ઈરાને કહ્યું હતું કે તેણે અવકાશમાં ડેટા એકત્ર કરનાર ઉપગ્રહ મોકલ્યો છે. ઈરાને ૨૦૧૩માં કહ્યું હતું કે તેણે એક વાંદરાને અવકાશમાં મોકલ્યો હતો અને સફળતાપૂર્વક તેને પૃથ્વી પર પાછો લાવ્યો હતો.

## દેશમાં ૨૦૨૨ માં મહારાષ્ટ્રમાં સૌથી વધુ રમખાણો, NCRBનાં રિપોર્ટ

નવીદિલ્હી,

એનસીઆરબીનાં રિપોર્ટમાં સરકારના દાવાની પોલ ખુલીઃ વર્ષ ૨૦૨૨ માં મહારાષ્ટ્રમાં ૮૨૧૮ રમખાણોના બનાવો નોંધાયાઃ બીજા ક્રમે બિહાર,ત્રીજા ક્રમે ઉત્તરપ્રદેશઃ ૨૦૨૩ માં મહારાષ્ટ્રમાં રમખાણોનો દોર યથાવતમુંબઈ:મહારાષ્ટ્રની કાયદો વ્યવસ્થા પરિપકવ અને સૌથી એડવાન્સ હોવાના રાજય સરકારનાં દાવાની પોલ એનસીઆરબીનાં તાજેતરનાં રિપોર્ટ ખોલી નાખી છે.

આ કારણે રિપોર્ટમાં મહારાષ્ટ્ર દેશમાં સૌથી વધુ રમખાણની ઘટનાવાળા રાજય તરીકે નોંધાયું છે. રિપોર્ટમાં દાવો છે કે મહારાષ્ટ્રમાં વર્ષ ૨૦૨૨ માં કુલ ૮૨૧૮ રમખાણનાં કેસ નોંધાયા હતા. જેમાં ૯૫૫૮ લોકોને અસર થઈ હતી. જયારે ૨૮ કેસ સાંપ્રદાયિક તેમજ ધાર્મિક અને ૭૫ કેસ રાજનીતિક હિંસાના નોંધાયા છે.જયારે ૨૫ અન્ય કેસ જાતિ સંબંધીત સંઘર્ષોનાં નોંધાયા છે. રમખાણોનાં મામલે ૪૭૬૬ કેસો સાથે બિહાર બીજા ક્રમે છે. જયારે ૪૪૭૮ કેસો સાથે ઉતરપ્રદેશ દેશભરમાં ત્રીજા સ્થાને છે. વર્ષ ૨૦૨૩ માં પણ બની મહારાષ્ટ્રમાં હિંસક ઘટનાઓઃ ૩૧ માર્ચે છત્રપતિ સંભાજીનગરમાં બે જુથો વચ્ચે મામુલી વિવાદનાં કારણે રમખાણોની ઘટનામાં ૨૦થી વધુ પોલીસ કર્મી ઘાયલ થયા હતા. પોલીસના અનેક વાહનો સળગાવાયા હતા. ૧૫મેએ આકોલા શહેરમાં મોટા પ્રમાણમાં સાંપ્રદાયિક હિંસા ભડકી હતી.જેમાં એક વ્યકિતનું મોત થયુ હતું.જયારે ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા.સપ્તાહ સુધી ઈન્ટરનેટ સેવાને અસર થઈ હતી. ૮મી જુને કોલ્હાપુર જિલ્લામાં સોશ્યલ મિડિયા પર વિવાદીત પોસ્ટ કરનાર સામે કાર્યવાહીની માંગને લઈને હિન્દુ સમર્થક સંગઠનો દ્વારા અપાયેલા બંધ દરમ્યાન પથ્થરમારો તોડફોડ અને હિંસા થઈ હતી. જેમાં ૩૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ૧૮મી સપ્ટેમ્બરે સતારા જીલ્લામાં સોશ્યલ મિડિયા પર મહાપુરૂષોને લઈને કરવામાં આવેલ વિવાદીત પોસ્ટ બાદ બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણમાં એક વ્યકિતનું મોત થયુ હતું. જયારે ૧૦ લોકો ઘાયલ થયા હતા. કલમ ૧૪૪, ઈન્ટરનેટ પર પ્રતિબંધ અને એસઆરપીએફની તૈનાતી બાદ ૨૩ લોકો પકડાયા હતા.

## અમદાવાદથી દુબઈ જતી ફ્લાઈટનું પાકિસ્તાનના કરાચીમાં ઈમરજન્સી લેન્ડિંગ

કરાંચી,

અમદાવાદથી દુબઈ જતી સ્પાઈસ જેટની ફ્લાઈટને મેડિકલ ઈમરજન્સી બાદ પાકિસ્તાનના કરાચીમાં ડાયવર્ટ કરવામાં આવી છે. ફ્લાઈટમાં સવાર એક મુસાફરની તબિયત ખરાબ થવાને કારણે ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવામાં આવ્યું હતું. એરલાઈન્સે જણાવ્યું કે અમદાવાદથી દુબઈ જતી ફ્લાઈટમાં એક મુસાફર અચાનક બીમાર પડી ગયો. મેડિકલ ઈમરજન્સીને ધ્યાનમાં રાખીને ફ્લાઈટને કરાચી તરફ ડાયવર્ટ કરાઈ હતી. એરલાઈન્સ અનુસાર સ્પાઈસ જેટની બોઈંગ-૭૩૭ ફ્લાઈટનું કરાચીમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે અમદાવાદથી દુબઈ જઈ રહેલા સ્પાઈસ જેટના પ્લેનનું કરાચીના જિન્ના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. સિવિલ એવિયેશન ઓથોરિટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૨૭ વર્ષીય ધારવાલ ધર્મેશને હાર્ટ એટેક આવ્યો હતો. આ પછી તેને તબીબી સહાયની જરૂર હતી. તેમણે કહ્યું કે સીએએની મેડિકલ ટીમે પેસેન્જરને તાત્કાલિક મેડિકલ સહાય પૂરી પાડી હતી, જેમનું સુગર લેવલ ઘટી ગયું હતું અને હૃદયના ધબકારા વધી રહ્યા હતા. મુસાફર સારવાર બાદ સ્વસ્થ થઈ ગયો હતો.

## સુરતમાં ૩૦ સ્થળોએ SGSTના દરોડા પાડવામાં આવ્યા, બજારમાં સન્નાટો

સુરત,

સુરતમાં એસજીએસટીની ટીમે ૩૦ સ્થળોએ અચાનક દરોડા પાડતા બજારમાં સન્નાટો છવાઈ ગયો છે. આ દરોડામાં ઓનલાઈન વેપાર કરતાં નવ વેપારીને ત્યાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે. નવ વેપારીઓની પેઢીઓના ૩૦ સ્થળે પણ તપાસ શરૂ કરવામાં આવી છે. આ વેપારીઓએ ઓછો ટેક્સ ભર્યો હોવાનો તેમના પર આરોપ છે.

એસજીએસટીના દરોડામાં બહાર એવું આવ્યું છે કે આ વેપારીઓએ ચોપડા પર તો ૧૨થી ૧૮ ટેક્સ દર્શાવ્યો હતો, પરંતુ ટેક્સ ભરવાનો આવ્યો ત્યારે તે માંડ પાંચ ટકા ટેક્સ જમા કરાવતા હતા. આ સિવાય પાછા તેઓ ઈનપુટ ટેક્સ ક્રેડિટ ૧૨થી ૧૮ ટકા ટેક્સ પર લેતા હતા. આમ તેઓ ટેક્સ ઓછો ભરીને પૂરેપૂરી આઈટીસી મેળવતા હતા.આના પગલે એસજીએસટીની ટીમે આ વેપારીઓને ત્યાંથી વાંધાજનક દસ્તાવેજો જપ્ત કર્યા છે અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ડેટા પણ




લીધો છે. તેની સાથે તમામ ડેટાનું વેરિફિકેશન હાથ ધર્યુ છે. એસજીએસટીની ટીમને વિશ્વાસ છે કે મોટાપાયા પર કરચોરી બહાર આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે સરકાર જીએસટીનો અમલ ૨૦૧૭માં શરૂ થયો તેનો દાયકો ૨૦૨૭માં પૂરો થાય તે પૂર્વે જીએસટીની સરેરાશ માસિક આવક બે લાખ કરોડ પર લઈ જવા માંગે છે અને આ આવક દર વર્ષે સરેરાશ ૧૨થી ૧૩ ટકાના દરે વધી રહી છે ત્યારે તે આ પ્રકારે કરચોરી કરનારાઓ પર ત્રાટકીને કરચોરો પ્રત્યેનો ગાળિયો વધુને વધુ આકરો બનાવી રહી છે. જીએસટીના દરોડા આનો જ એક હિસ્સો છે.

## નેહરુની ભૂલોને કારણે જમ્મુ અને કાશ્મીરને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

નવીદિલ્હી,

જમ્મુ અને કાશ્મીર આરક્ષણ (સુધારા) બિલ, ૨૦૨૩ અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, ૨૦૨૩ને લોકસભા દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે લોકસભામાં કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર સંબંધિત બે બિલ જે ગૃહમાં વિચારણા થઈ રહ્યા છે, તે તમામ લોકોને ન્યાય આપવા માટે લાવવામાં આવ્યા છે જેમને ૭૦ વર્ષથી અવગણવામાં આવ્યા હતા અને જેઓ અપમાનિત. હતાં

અમિત શાહે દેશના પ્રથમ વડાપ્રધાન પર પણ જોરદાર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે જવાહરલાલ નેહરુની બે ભૂલોને કારણે જમ્મુ-કાશ્મીરને સમસ્યાનો સામનો કરવો પડ્યો છે. જેમાં પહેલા યુદ્ધવિરામની જાહેરાત કરવી અને પછી કાશ્મીર મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રમાં લઈ જવાનો સમાવેશ થાય છે. જો જવાહરલાલ



નેહરુએ યોગ્ય પગલાં લીધા હોત તો પીઓકે અમારો ભાગ હોત. ગૃહમાં ચર્ચાનો જવાબ આપતાં તેમણે એમ પણ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગરીબોની પીડાને સમજે છે અને એકમાત્ર એવા નેતા છે જેમણે પછાત લોકોના આંસુ લૂછ્યા છે.

તેમણે કહ્યું કે હું અહીં જે બિલ લાવ્યો છું તે એવા લોકોને ન્યાય અને અધિકાર આપવા સાથે સંબંધિત છે જેમની સાથે અન્યાયી, અપમાનિત અને ઉપેક્ષા કરવામાં આવી હતી. કોઈપણ સમાજમાં જેઓ વંચિત છે તેમને આગળ લાવવા જોઈએ, આ ભારતના બંધારણની મૂળ ભાવના છે. એમને એ રીતે આગળ લાવવાનું છે કે એમનું માન ઓછું ન થાય. સત્તા આપવી અને સન્માનપૂર્વક સત્તા આપવી એમાં ઘણો તફાવત છે. તેથી, તેને નબળા અને વંચિત વર્ગને બદલે અન્ય પછાત વર્ગ તરીકે નામ આપવું જરૂરી છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે કેટલાક લોકોએ તેને ઓછો આંકવાનો પ્રયાસ પણ કર્યો હતો. કોઈએ કહ્યું કે માત્ર નામ બદલાય છે. હું તે બધાને કહેવા માંગુ છું કે જો આપણામાં થોડી પણ સહાનુભૂતિ હોય તો આપણે જોવું જોઈએ કે નામ સાથે તેમનું સન્માન જોડાયેલું છે. ફક્ત તે લોકો જ આ જોઈ શકે છે જેઓ તેને પોતાનો ભાઈ માનીને આગળ લાવવા માંગે છે, તેઓ આ સમજી શકતા નથી જેઓ તેમના રાજકીય ફાયદા માટે મતબેંક તરીકે તેનો ઉપયોગ કરે છે. નરેન્દ્ર મોદી એવા નેતા છે જેનો જન્મ ગરીબ પરિવારમાં થયો હતો અને આજે દેશના વડાપ્રધાન બન્યા છે. તે ગરીબોની પીડા જાણે છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનું નામ લીધા વિના તેમના પર નિશાન સાધતા તેમણે કહ્યું કે કોંગ્રેસના નેતાઓ ઓબીસીની વાત કરે છે. કેટલાક નેતાઓ એવા હોય છે, જો તમે તેમને લેખિતમાં કંઈક આપો તો તેઓ નવી સ્લિપ ન મળે ત્યાં સુધી છ મહિના સુધી એક જ વાત કહેતા રહે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે પછાત વર્ગનો વિરોધ કરવાનું અને પછાત વર્ગોને રોકવાનું સૌથી મોટું કામ કર્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે પછાત વર્ગનો વિરોધ કરવાનું અને પછાત વર્ગોને રોકવાનું સૌથી મોટું કામ જો કોઈ પાર્ટીએ કર્યું હોય તો કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે. પછાત વર્ગ આયોગને ૭૦ વર્ષથી બંધારણીય માન્યતા આપવામાં આવી ન હતી. વડાપ્રધાન મોદીએ પછાત વર્ગ આયોગને બંધારણીય માન્યતા આપી.

તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન સંશોધન બિલ ૭૦ વર્ષથી અવગણના અને અપમાનિત થયેલા તમામ લોકોને ન્યાય આપવા માટે લાવવામાં આવ્યું છે. દેશભરમાં લગભગ ૪૬,૬૩૧ પરિવારો અને ૧,૫૭,૯૬૭ લોકોને જમ્મુ અને કાશ્મીરમાંથી સ્થળાંતર કરવાની ફરજ પડી હતી, સરકાર તેમને ન્યાય આપવા માટે એક બિલ લાવી છે. જો મતબેંકનો વિચાર કર્યા વિના શરૂઆતમાં જ આતંકવાદનો સામનો કરવામાં આવ્યો હોત તો કાશ્મીરી પંડિતોએ ખીણ છોડવી ન પડી હોત.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરના જે બે ખરડાઓ પર અહીં વિચારણા થઈ રહી છે તેમાં એક મહિલા સહિત કાશ્મીરી વિસ્થાપિત સમુદાયના બે સભ્યોને વિધાનસભામાં નિયુક્ત કરવાનો પ્રસ્તાવ છે. આ સિવાય પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાંથી વિસ્થાપિત થયેલા લોકો માટે એક સીટ અનામત રાખવામાં આવશે.

તેમણે કહ્યું કે ૧૯૮૦ પછી આતંકવાદનો યુગ આવ્યો અને તે ખૂબ જ ભયાનક દ્રશ્ય હતું. જે લોકો આ ભૂમિને પોતાનો દેશ માનતા હતા તેઓને બહાર ફેંકી દેવામાં આવ્યા હતા અને કોઈએ તેમની પરવા કરી ન હતી. જે લોકો તેને રોકવા માટે જવાબદાર હતા તેઓ ઈંગ્લેન્ડમાં રજાઓ માણી રહ્યા હતા. જ્યારે કાશ્મીરી પંડિતો વિસ્થાપિત થયા ત્યારે તેઓએ પોતાના દેશમાં આશરો લીધો.ભિખારી તરીકે જીવવા મજબૂર હતા. વર્તમાન આંકડાઓ અનુસાર, લગભગ ૪૬,૬૩૧ પરિવારો અને ૧,૫૭,૯૬૮ લોકો તેમના પોતાના દેશમાં વિસ્થાપિત થયા હતા. આ બિલ તેમને અધિકાર આપવાનું છે, આ બિલ તેમને પ્રતિનિધિત્વ આપવાનું છે.

અમિત શાહે કહ્યું કે ૫-૬ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની જોગવાઈઓને નાબૂદ કરવા અંગે સંસદમાં લાવવામાં આવેલા બિલમાં આનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને તેથી જ બિલમાં ન્યાયિક સીમાંકનની વાત કરવામાં આવી છે. ગૃહમંત્રીએ કહ્યું કે જો સીમાંકન પવિત્ર ન હોય તો લોકશાહી ક્યારેય પવિત્ર ન બની શકે.

## મધ્યપ્રદેશ ચૂંટણીના પરિણામો રદ કરવા જોઈએ...": ચીફ જસ્ટિસને પત્ર મોકલવામાં આવ્યો

નવીદિલ્હી,

એક વકીલે મુખ્ય ન્યાયાધીશને એક પત્ર અરજી મોકલીને મધ્યપ્રદેશ ચૂંટણી પરિણામોને રદ કરવાની માંગ કરી છે. પત્ર અરજીમાં કહેવામાં આવ્યું છે કે મતદાન દરમિયાન વિવિધ પ્રકારની ગેરરીતિઓની ૧૫,૦૦૦ ફરિયાદો ચૂંટણી પંચને કરવામાં આવી હતી. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનમાં ચેડાં, સીસીટીવી બંધ કરવા અને અન્ય પ્રકારની ફરિયાદો ચૂંટણી પંચને આપવામાં આવી હતી. આ ૧૫,૦૦૦ ફરિયાદો ચૂંટણી પંચના પોર્ટલ પર પણ ઉપલબ્ધ છે. પત્ર અરજીમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ચૂંટણી પંચે આ ફરિયાદો પર કોઈ નિર્ણય લીધા વિના ઉમેદવારોને પ્રમાણપત્રો જારી કર્યા છે. આ પત્રાની અરજી વકીલ નરેન્દ્ર મિશ્રાએ દાખલ કરી છે.

પાંચ રાજ્યોની તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં હિન્દી પટ્ટાના ત્રણ રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ભારતીય જનતા પાર્ટીની જીત બાદ ઘણા વિપક્ષી નેતાઓએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન પર સવાલો ઉઠાવ્યા હતા, જોકે કેટલાકે કહ્યું કે તેમને ઈવીએમમાં વિશ્વાસ છે. કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી ગિરિરાજ સિંહે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે જ્યારે પણ તેઓ ચૂંટણી જીતવામાં નિષ્ફળ જાય છે ત્યારે તેઓ ઈવીએમને દોષ આપે છે.

તેમણે કહ્યું, "એમાં કંઈ નવું નથી. વિપક્ષ, તે કોઈ પણ હોય, જ્યારે તે જીતે છે ત્યારે તેને ઈવીએમથી કોઈ વાંધો નથી, પરંતુ જ્યારે તે હારે છે, ત્યારે તે ઈવીએમ પર દોષારોપણ કરે છે.

# બાલાસીનોરના જેઠોલી ગામે ધારાસભ્ય અને જીલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

મહીસાગર,
હાલમાં સમગ્ર રાજ્યમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના વિવિધ જન કલ્યાણકારી યોજનાઓ છે. વાડાના માનવી સુધી પહોંચતી કરવા તથા છેવાડાના ગામોને સો ટકા સુધી યોજનાઓનો લાભ પહોચાડવા માટે ‘‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’’ ચાલી રહી છે. જે અંતર્ગત આજરોજ બાલાશિનોર તાલુકાના જેઠોલી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો આવી પહોંચતા ગ્રામજનો દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરાયું હતું.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોચાડવા મહીસાગર જીલ્લા તંત્ર કટિબદ્ધ છે. જેની ઝાંખી વિકસિત ભારત યાત્રામાં જોઇ શકાય છે. મહીસાગર જીલ્લામાં રથના માદયમ થકી વિવિધ ગામોમાં નક્કિ કરેલા રૂટ અનુસાર યાત્રા પરિભ્રમણ કરી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને યોજનાકીય લાભોથી લાભાન્વિત કરાઈ રહ્યા છે.

મહીસાગર જીલ્લામાં બાળકોથી લઇ અબાલ વૃદ્ધ સુધી હરકોઇ ગામથી લઈ દેશના વિકાસ માટે પોતાનું સહિયારૂ યોગદાન આપવા સંકલ્પ બદ્ધ થયા છે. ત્યારે જેઠોલી ગામે ધારાસભ્ય માનસિંહ ચૌહાણ અને જીલ્લા કલેકટર ભાવિન પંડ્યાની ઉપસ્થિતિમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવાની સાથે સાથે લાભાર્થીઓએ પોતાના અનુભવો મેરી કહાની મેરી ઝુબાની થીમ અંતર્ગત જણાવ્યા હતા.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ,રથ કન્વિનર અજમેલસિંહ પરમાર, સરપંચ, જીલ્લા તાલુકાના વિવિધ અધિકારીઓ– પદાધિકારીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખાનપુર તાલુકાના ગાંગટા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું હર્ષભેર સ્વાગત


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

ખાનપુર,
વિકસિત ભારત સંકલ્પ યાત્રા મોદી સરકારની ગેરંટીનો રથ મહીસાગર જીલ્લા ક તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં પરિભ્રમણ કરી રહી છે. આ યાત્રાનો રથ ખાનપુર તાલુકાના ગાંગટા ગામે આવી પહોંચતાં ગ્રામજનો દ્વારા હર્ષભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ રશ્મિકાબેન ડામોર, પૂર્વ ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક, તાલુકા વિકાસ અધિકારી યજ્ઞેશકુમાર અડ સહીત અગ્રણી મહાનુભાવોના હસ્તે ઉજ્જવલા યોજના, આયુષ્માન કાર્ડ યોજના સહિતની સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકિય લાભો વિતરણ કરવામાં આવ્યા હતા. જયારે ગાંગટા પ્રાથમિક શાળાના તેજસ્વી તારલા તેમજ ગ્રામ પંચાયતનું બહુમાન કર્યું હતું. વધુમાં તેમણે યાત્રાના કાર્યક્રમના સ્થળ ઉપર ઉભા કરવામાં આવેલ યોજનાકિય પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈ જાણકારી મેળવી કોઈપણ લાભાર્થી સરકારી લાભથી વંચિત ન રહી જાય તે માટે લાભ લેવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં મેરી કહાની મેરી ઝુબાની અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી ગીરીશભાઈ ચમારે જણાવ્યું હતું કે તેમનું અગાઉ કાચું મકાન હતું તેનાથી મારે પારાવાર મુશ્કેલી પડતી હતી પરંતુ મને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળ્યો પાકું મકાન બની ગયું. જેમાં તમામ સુવિધા છે તેમણે આ પ્રધાનમંત્રી આવાસ યોજના બદલ મોદી સરકારનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો. ગાંગટા ગામના દીપકકુમાર જોશીએ આયુષ્યમાન યોજનામાં થયેલ વિનામૂલ્યે પથરીના ઓપરેશન અંગે મોદી સરકારનો આભાર વ્યકત કર્યો હતો. ગ્રામજનોએ વિકસિત ભારત–૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા. કાર્યક્રમ સ્થળે આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ તેમજ ઉજ્વલા યોજના સહિત વિવિધ વિભાગોના સ્ટોલ દ્વારા યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપતી નાટિકા ધરતી કહે પુકાર કે બહેનો દ્વારા રજુ થઇ હતી.

આ કાર્યક્રમમાં સરપંચ, માજી સરપંચ, આચાર્ય નારણભાઈ વણકર, જીલ્લા–તાલુકા પંચાયત સદસ્યો, અગ્રણીઓ ભાથીભાઈ, ડાહ્યાભાઈ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ઉમેશભાઈ સહિત અધિકારીઓ, કર્મચારીઓ, શાળા પરિવાર તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જેલમાં કેદ આરોપી સાથે મળીને યોગેશ સિંધી નડિયાદમાં બનાવતો ’મોતની સીરપ’

ખેડા,
ખેડામાં બિલોદરા નસાકારક સીરપ કાંડમાં વધુ એક મોતનું થતાં મૃત્યુઆંક ૭ પર પહોંચ્યો છે. આ તરફ પોલીસ તપાસમાં પણ હવે ચોંકાવનારા ખુલાસા સાથે મુંબઈ કનેક્શન ખૂલ્યું છે. બિલોદરા નશાકારક સીરપમાં સારવાર લઈ રહેલ વધુ એક વ્યક્તિનું મોત થયું છે. આ તરફ પોલીસ તપાસમાં મુખ્ય આરોપી યોગેશ સિંધીએ નડિયાદમાં પોતાની સિરપ ફેક્ટરીમાં બનાવી હોવાનું અને જેલમાં મળેલા અને અન્ય વ્યક્તિ સાથે મળીને કારોબાર ચલાવતા હોવાનો ઘટસ્ફોટ થયો છે.

ખેડાના બિલોદરામાં નશાકારક સીરપ કાંડમાં વધુ એકનું મોત થયું છે. વિગતો મુજબ બિલોદરામાં સાંકળ સોઢા નામના વ્યક્તિનું મોત નિપજ્યું છે. મૃતક સાંકળ સોઢા બિલોદરા સીરપ કાંડના મુખ્ય સિરપ વેંચનાર આરોપીના પિતા હોવાનું સામે આવ્યું છે. કિશોર સોઢા અને ઈશ્વર સોઢાના પિતા સાંકળભાઈ સોઢાનું અમદાવાદ સિવિલમાં મોત થયું છે. વિગતો મુજબ દેવ દિવાળીના પર્વ પર સાંકળભાઈએ સીરપની બોટલ પીધી હતી. જે બાદમાં અગાઉ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. આ દરમિયાન વહેલી સવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોત નિપજ્યું છે.

ખેડા સિરપકાંડની પોલીસ તપાસમાં મોટા ખુલાસા થયા છે. વિગતો મુજબ આ કેસના મુખ્ય આરોપી યોગેશ સિંધીએ નડિયાદમાં પોતાની સિરપ ફેક્ટરીમાં બનાવી હતી. યોગેશને સિરપની ફોર્મ્યૂલા જેલમાં આરોપી પાસેથી મળી હતી. આ સાથે જેલમાં મળેલા અને અન્ય વ્યક્તિ સાથે મળીને કારોબાર ચલાવતા હોવાનો પણ ઘટસ્ફોટ થયો છે. સિરપ બનાવવામાં ઈથેનોલ જેવું કેમિકલ વપરાતું હતું જે કેમિકલ તેઓ મુંબઈના તૌફિક નામના રિટેલર પાસેથી લાવતા હતા. આ સાથે કેમિકલમાં અન્ય પદાર્થ ઉમેરી ફેક્ટરીમાં જ બોટલો પેક કરાતી હતી.

આ તરફ પોલીસને તપાસ દરમિયાન બોટલો અને પ્રવાહી મળ્યું હતું. આ ઈસમો કેમિકલ લાવી મોકમપુરા સ્થિત ફેક્ટરીમાં સિરપ બનાવી હતી. જેને લઈ ખેડા, આણંદ, વડોદરામાં સીરપ પહોંચાડવાનું નેટવર્ક બનાવ્યું હતુ. પોલીસે કેમિકલ આપનાર મુંબઈના તૌફિકની પણ ધરપકડ કરી છે. આ સાથે વિગતો મુજબ હાલમાં પોલીસ અન્ય એક આરોપીની પણ શોધખોળ કરી રહી છે.

# ખાનપુરના વડા ગામથી બામરોડા સુધીનો માર્ગ ખખડધજ બનતા વાહનચાલકો અને ગ્રામજનો પરેશાન

ખાનપુર,
ખાનપુર તાલુકાના વડા ગામથી બામરોડા ગામ સુધીના બિસ્માર માર્ગથી વાહનચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. આ રોડના સમારકામ અથવા નવો બનાવવા માટે ગ્રામજનોની અવાર નવારની રજુઆતો છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી નહિ કરાતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વડાગામથી બામરોડા સુધીના રોડની હાલત અત્યંત બિસ્માર થઈ ગયા છે. રોડ પર ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા છે. જેના કારણે આ રોડ પરના ગામોના રહિશો અને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દિવસ દરમિયાન પણ આ રોડ પરથી પસાર થવુ અઘરૂ હોઈ રાત્રિના સમયે અંધકારમાં તો આ રોડ પરથી પસાર થવામાં અકસ્માતનો ભય રહેલો છે. રોડ પર પડેલા મોટા ખાડાઓ વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. તેમાંય ચોમાસા દરમિયાન રોડ વધુ ધોવાઈ જતા પહેલા કરતા પણ જોખમી બની ગયો છે. જેથી આ રોડ પરથી રોજીંદા પસાર થતાં વાહનચાલકો તોબા પોકારી ગયા છે. આ રોડ પરના ગ્રામજનોએ વારંવાર સ્થાનિક તંત્રમાં રજુઆતો કરી હોવા છતાં તેમની સમસ્યાનુ નિરાકરણ આવ્યુ નથી. જેથી વહેલી તકે આ રોડનુ નવીનીકરણ કરવા ગ્રામજનો દ્વારા ઉગ્ર માંગ કરાઈ છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના થકી અમે પાકું મકાન બનાવી પરિવાર સાથે સુખ શાંતિથી રહીએ છીએ : લાભાર્થી



મહીસાગર,
વિકસિત ભારત સંકલ્પ યાત્રા ઘર આંગણે સરકારની લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભો આપવા આવી રહી છે. ત્યારે છેવાડાના માનવીઓ યોજનાની માહિતી મેળવી લાભ લઈ રહ્યા છે અને અનેક લોકોને મહાનુભાવોના હસ્તે સ્ટેજ પરથી લાભનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના તાંતરોલી ગામના લાભાર્થી ઉજમાભાઈ પટેલિયા જણાવે છે કે, હું અને મારૂ પરિવાર પેહલા કાચા મકાનમાં વસવાટ કરતાં હતા. કાચું મકાન હોવાથી વરસાદમાં અમારા ઘરમાં છાપરા પરથી પાણી પડવાની સમસ્યા હતી. જેનાથી અમે ખૂબ જ પરેશાન હતા. ત્યારબાદ અમને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપવામાં આવ્યો અને આ લાભ થકી અમે પાકું મકાન બનાવ્યું અને પાકું મકાન બનતા અમારી સમસ્યા દૂર થઈ. હવે હું મારા પરિવાર સાથે સુખ શાંતિથી રહી શકું છું. પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપવા બદલ હું પ્રધાનમંત્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

# મહિલા અને બાળ અધિકારીની કચેરી-ખેડા (નડીયાદ) દ્વારા ‘ઘરેલું હિંસા’ જાગૃતિ શિબિરનું આયોજન કરાયું



નડીયાદ,
તા. ૦૫–૧૨–૨૦૨૩ના રોજ મહિલા અને બાળ અધિકારીની કચેરી–ખેડા(નડીયાદ) દ્વારા મહિલા સમાજ જીલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર –નડીયાદ ખાતે ‘‘ઘરેલું હિંસા અધિનિયમ–૨૦૦૫’’ અન્વયે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કુલ ૯૫ મહિલાઓને ઘરેલું હિંસા અધિનિયમ–૨૦૦૫ અંગેના કાયદા અને ગુજરાત સરકાર તથા ભારત સરકાર દ્વારા ચાલતી તમામ મહિલાલક્ષી યોજનાઓ, મહિલાલક્ષી કાયદાઓ વિશેની માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે OSC(સખી વન સ્ટોપ સેન્ટર)નો સ્ટાફ, (VMK) વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રનો સ્ટાફ, PBSC (પોલીસ બેઈઝડ સપોર્ટ સેન્ટર)ના સ્ટાફ એ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ શિબિરમા જીલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી હીનાબેન ચૌધરી, મહિલા સમાજના પ્રમુખ ભાવનાબેન ભટ્ટ, (DHEW)ડીસ્ટ્રીકટ મિશન કો– ઓર્ડિનેટર જયનાબેન વાળા ઉપસ્થિત રહ્યા હતા.

# નડિયાદ તાલુકાના પીપલગ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત



નડિયાદ,
સરકારની લોક કલ્યાણકારી યોજનાઓનો લાભ દેશના પ્રત્યેક ગામના નાગરિકો સુધી પહોંચે તે હેતુથી શરૂ થયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા આજે નડિયાદ તાલુકાના પીપલગ ગામે પહોંચી હતી. જેમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને સરકારની યોજનાઓથી માહિતગાર કરી યોજનાકીય લાભ આપવામાં આવ્યા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ અંતર્ગત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષમાન કાર્ડ–૩૫, ખેતીવાડી વિભાગની સોઈલ હેલ્થ કાર્ડ–૪, પ્રધાન મંત્રી ઉજ્જવલા યોજના–૪. યોજનાઓના લાભ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં એનીમિયા તથા ટીબી નિદાન માટે ના સ્ટોલ, આધારકાર્ડ, કિસાન ક્રેડિટ કાર્ડ, દીનદયાળયોજના, ઉજ્વલા યોજના, પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ, પોષણ યોજનાના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ધરતી કરે પુકાર નાટક રજૂ કરવામાં આવ્યું હતું. તથા કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ભારતને ૨૦૪૭ સુધી વિકસિત અને આત્મનિર્ભર બનાવવા શપથ લીધી હતી. આ પ્રસંગે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત પી.એમ કિશાન સન્માન નિધિ યોજનાના લાભાર્થીઓએ પોતાને મળેલ લાભની વાત કરી અન્ય લોકોને સરકારની યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં સરપંચ, અગ્રણીઓ તેમજ સબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

# મહીસાગર જીલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે જાહેરાત

મહીસાગર,
મહીસાગર જીલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂત મિત્રોએ ૨૦૨૩–૨૪ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓમાં લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ પર ઓન લાઈન અરજી કરેલ હતી. ઓનલાઈન કરેલ અરજીઓને અત્રેની કચેરી દ્વારા પૂર્વ મંજુર કરવામાં આવેલ છે. જે ખેડૂતોને અરજી માટે પૂર્વ મંજુરી મળેલ છે, તેમના સહાય કેસોના ખર્ચ બીલો સ્વીકારવાની અંતિમ તારીખ ૧૦/૦૧/૨૦૨૪ હોય તમામ બાગાયતી ખેડૂત મિત્રોએ તારીખ ૧૦/૦૧/૨૦૨૪ સુધીમાં જરૂરી અસલ બીલો સહીત સાધનિક કાગળો નાયબ બાગાયત નિયામકની કચેરી, સરદાર પટેલ વિદ્યાલય પાસે, ચાર કોશિયા નાકા, મોડાસા રોડ, લુણાવાડા ખાતે રજુ કરવાના રહેશે. જેની મહીસાગર જીલ્લાના સર્વે બાગાયતી ખેડૂત મિત્રોએ નોંધ લેવી.

# ઠાસરાના ઢુણાદરા ગામે જમીન પચાવી પાડ્યાના આક્ષેપ સાથે યુવકના ધરણા

ડાકોર,
ઠાસરા તાલુકાના ઢુણાદરા ગામમાં તંત્રને ૧૦ મહિનાથી જમીનના કબ્જા બાબતેથી અરજીઓ કરવામાં આવી હોવા છતાં તેમને ન્યાય ન મળતા અરજદાર શાહરૂખ ઉપવાસ પર ઉતર્યા હતા. અન્ય વ્યકિત દ્વારા કરાયેલ કબ્જાને લઈ તેના પર કાર્યવાહી કરવામાં ન આવતા અરજદારે તંત્ર સામે નારાજગી વ્યકત કરી હતી. તાલુકાના વાણીયા વગામાં રહેતા શાહરૂખ પઠાણે જણાવ્યા મુજબ સર્વે નં.–૮૯૮/૧ તેમની માલિકીનો હોવા છતાં પણ અકબરખાન પઠાણે કબ્જો કરીને નાંખતા છાપરા બાંધીને જગ્યા ખાલી કરવાની ના પાડી હતી. જેને લઈ ઘર્ષણ ન થાય તે માટે ૨૬ વર્ષિય યુવાન શાહરૂખ હકની જમીન પાછી મેળવવા માટે ઉપવાસનો સહારો લીધો હતો. આ અંગે તલાટી વિજય ડાભીએ જણાવ્યુ હતુ કે,એમની અરજી મને આવી હતી. આ મિલ્કત પંચાયત કે સરકારની હોય તો અમે અંદર આવી શકીએ પણ આ મિલ્કત તેઓની માલિકીની હોવાથી તેમને કોર્ટને રાહે જવુ પડશે. જયારે આ જમીન પર રહેતા અકબરખાને જણાવ્યુ હતુ કે,આ અમારા દાદાની જમીન છે. શાહરૂખ ભાઈએ પહેલા પણ રેવન્યુમાં કેસ કરેલ હતો પરંતુ કેસ પેન્ડિગં થઈ ગયો છે.

# ગળતેશ્વરના ફતેપુરા ગામે બમ્પ ઉપર મોપેડ ઉછળતા રોડ ઉપર પટકાયેલ મહિલાનું મોત

નડિયાદ,
મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રાજપુર ગામના ભાથીપુરા ફળિયામાં રહેતા અક્ષય પટેલિયા(ઉ.વ.૨૦)પરિવાર સાથે રહી બાલાસિનોર કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. યુવકના પિતા કેન્સરની બિમારીથી પીડાય છે. તા.૨૧ નવેમ્બરના રોજ યુવકના માતા નંદાબેન પટેલિયા (ઉ.વ.૩૭) ફળિયામાં રહેતા સતીશના મોપેડ પર બેસી પાલૈયા ગામમાં ભેંસો માટેના પુળા જોવા માટે ગયા હતા. આ દરમિયાન સતીશ ગળતેશ્વરના ફતેપુરા ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા છે તે સમયે રોડ પર અચાનક આવેલ બમ્પ ન દેખાતા મોપેડ કુદી જતાં પાછળ બેઠેલા નંદાબેન રોડ પર પટકાયા હતા. જેથી શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બાદ ગંભીર રીતે ઘવાયેલા નંદાબેનને બાલાસિનોરની કે.એમ.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે એસ.વી.પી.હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જયાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. આ બનાવ અંગે અક્ષય પ્રવિણભાઈ પટેલિયાએ સેવાલિયા પોલીસ મથકે મોપેડ ચાલક સતીશ હિંમતભાઈ પટેલિયા સામે ગુનો નોંધાવ્યો છે.

# કલેકટર કે.એલ. બચાણીની અદ્યક્ષતામાં અનુસૂચિત જાતિ પેટા યોજનાઓ, તકેદારી સમિતિ અને મેન્યુઅલ સ્કેવેન્જર્સની બેઠક યોજાઇ

નડીયાદ,
કલેકટર કે. એલ. બચાણીની અદ્યક્ષતામાં અનુસૂચિત જાતિ પેટા યોજનાઓ, તકેદારી સમિતિ અને મેન્યુઅલ સ્કેવેન્જર્સની બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ જોગવાઈ સામે થયેલ ખર્ચની કલેકટર દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. કલેકટરએ અધિકારીઓને વિનંતિ કરી જણાવ્યું કે અનુસૂચિત જાતિના લાભાર્થીઓને વધુમાં વધુ લાભ થાય તે હેતુસર જોગવાઈ સામે ખર્ચ પૂર્ણ કરી ૧૦૦ ટકા કામગીરી કરવા સૂચના આપી હતી. કલેકટર કે. એલ. બચાણી દ્વારા તકેદારી સમિતિના ત્રિમાસીક સમયગાળા દરમિયાન કુલ ૧૪ બનાવ બનેલ હતા તેની સમીક્ષા કરી સરકારી વકીલને એટ્રોસીટી એક્ટ હેઠળ બનેલ બનાવોમાં ઝડપથી કેસોનો નિકાલ થાય તેવી સૂચના આપી હતી. કલેકટરએ તમામ સભ્યઓને સૂચન કર્યુ કે અનુસૂચિત જાતિના લોકો ઉપર અવ્યવહારીક બનાવ ન બને અને તમામ લોકો સમાજ સહાર્દપૂર્વક રહે તેવા સામુહિક પ્રયત્નો કરવા સૂચના આપી હતી.

કલેકટર કે.એલ. બચાણીની અદયક્ષતામાં ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ–૨૦૧૩ ની માહે સપ્ટેમ્બર–૨૦૨૩ અંતિત ત્રિમાસીક બેઠક મળી હતી. જે અંગે ખેડા જીલ્લામાં ત્રિમાસીક સમયગાળામાં મેન્યુઅલ સ્કેવેન્જર્સ અંગે કોઈ બનાવ બનેલ નથી અને આવનારા સમયગાળામા આવા કોઈ બનાવ ના બને તે અંગે નગરપાલિકાઓને વધુમાં વધુ પ્રચાર–પ્રસાર કરવા કલેકટર કે. એલ. બચાણી દ્વારા સુચના આપવામાં આવી હતી. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.એસ.પટેલ તેમજ ખેડા જીલ્લાના અધિકારીઓ અને અનુસૂચિત જાતિના કમિટિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આજ.......

મેષ : આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે. જોબ કરતા લોકો માટે અચાનક મોટી ખુશીનો યોગ છે.

વૃષભ : આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન : ભાઈઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક : આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમે પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો.

સિંહ : આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે, પરંતુ આવકના પ્રમાણમાં ખર્ચા વધુ થશે.

કન્યા : આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા : આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિક : આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે. વ્યવસાયમાં પણ નોકરો અને ભાગીદારો તરફથી સારું વાતાવરણ રહેશે.

ધનુ : આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઈચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર : આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ : આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન : આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે જે તમારી આસપાસના અન્ય સાથીદારોમાં વધતી કડવાશને કારણે મુશ્કેલી ઊભી કરી શકે છે.

# દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ જગ્યાથી ઈંગ્લીશ દારૂ સાથે ૩ ઈસમોને ઝડપ્યા

દાહોદ,
દાહોદ જીલ્લામાંથી પોલીસે બે જુદી જુદી જગ્યાએથી કુલ રૂ.૬૪,૦૬૩ના પ્રોહી જથ્થા સાથે એક ફોર વ્હીલર ગાડી કબજે કર્યાનું જ્યારે ૦૩ ઈસમોની અટકાયત કરી હોવાનું અને ૦૧ ઈસમ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના લીમડાબરા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૫ ડિસેમ્બરના રોજ કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે લીમડાબરા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવિલ એક ફોર વ્હીલર ગાડી પસાર પોલીસ સાબદી બની હતી અને ફોર વ્હીલર ગાડી નજીક આવતાંની સાથે તેને પોલીસે ચારેય તરફથી ઘેરી લઈ ગાડીના ચાલક કલ્પેશભાઈ મહેશભાઈ નાયક અને તેની સાથેનો અંકિતભાઈ ગોમાભાઈ નાયક (બંન્ને રહે. મધ્યપ્રદેશ) નાની પોલીસે અટકાયત કરી ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૯૮ કિંમત રૂ.૩૨,૩૮૩ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલગ ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂ.૭,૩૨,૩૮૩નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ ધાનપુર તાલુકાના આંબાકાંચ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૫ ડિસેમ્બરના રોજ ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે આંબાકાંચ ગામે મકડવા ફળિયામાં રહેતાં દીનેશભાઈ રસુલભાઈ પરમારના રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારતાં પોલીસે દીનેશભાઈને ઝડપી પાડ્યો હતો. જ્યારે તેની સાથેનો કાજુભાઈ સોનેસીંગભાઈ વસુનીયા (રહે. મધ્યપ્રદેશ) નો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે રહેણાંક મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૨૪૦ કિંમત રૂ.૩૧,૬૮૦નો પ્રોહી જથ્થો કબજે કરી આ સંબંધે ધાનપુર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા તાલુકાના હિંદોલીયા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ધારાસભ્ય રમેશભાઈ કટારા અને ગ્રામજનો દ્વારા રથનું ભવ્ય સ્વાગત કરાયું

દાહોદ,
વિકસિત ભારત સંકલ્પ યાત્રા દાહોદ જીલ્લાના તમામ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં પરિભ્રમણ કરી રહી છે. આ યાત્રાનો રથ ફતેપુરા તાલુકાના હિંદોલીયા ગામે પહોંચતા ધારાસભ્ય રમેશભાઈ કટારા અને ગ્રામજનો દ્વારા ઉમંગભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ કટારા એ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો હેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રામજનો સમક્ષ સ્પષ્ટ કર્યો હતો. ગામમાં હજુ પણ કોઈ નાગરિક સરકારની યોજનાઓથી વંચિત રહી ગયા હોય તો તેને પણ યોજનાથી લાભાન્વિત કરવા ગામના અગ્રણીઓને આગ્રહ કર્યો હતો. આજે આપણા આંગણે આવી પહોંચેલા વિકાસ રથને આવકારી સરકારી યોજનાના વિવિધ સ્ટોલોની મુલાકાત લઈ મળવા પાત્ર લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં મહાનુભાવોના વરદ હસ્તે લાભાર્થીઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સભ્યો, જીલ્લા પંચાયતના સભ્યો, સરપંચો સહિત વિવિધ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ફતેપુરા નગરની બાલાજી સોસાયટીમાં દિવાલ બાંધવા બાબતે બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધાઈ

દાહોદ,
ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે બાલાજી સોસાયટીમાં દિવાલ બાંધવા બાબતે ધીંગાણું થયું હતું. આ બાબતે બંને પક્ષોએ સામ સામે ફરિયાદ નોંધાવી છે. જેના પગલે ફતેપુરા પોલીસે કુલ ૬ ઈસમો સામે ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જેમાં ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે બાલાજી સોસાયટીમાં રહેતા દીપક પૂનમચંદ ડબગરની ફરિયાદના આધારે ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે રહેતા બીપીન નટવર કલાલ, યશવંત ઉર્ફ હસુ હરિશ્ચંદ્ર કલાલ અને જયેશ પ્યારેલાલ કલાલ એમ ૩ ઈસમો સામે ફતેપુરા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે જુના બસ સ્ટેશન વિસ્તારમાં રહેતા બીપીન નટવર કલાલની ફરિયાદના આધારે ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે બાલાજી સોસાયટીમાં રહેતા દીપક પૂનમચંદ ડબગર, રાકેશ અવધેશ સિંહ સોલંકી અને કિરીટ મોહનલાલ ડબગર એમ ૩ ઈસમો સામે ફતેપુરા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આમ ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે બાલાજી સોસાયટીમાં દિવાલ બાંધવા બાબતે બંને પક્ષોએ સામ સામે ફરિયાદ નોંધાવતા ફતેપુરા પોલીસે કુલ ૬ ઈસમો સામે ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમડી સાઈ મંદિર પાસે મારૂતિ ઈકો અને બોલેરો વચ્ચે અકસ્માત : બંને ગાડી ચાલક ઈજાગ્રસ્ત



લીમડી,
તા.૦૫-૧૨-૨૦૨૩ મંગળવારના રોજ લીમડી સાઈ મંદિરથી ઝાલોદ જતી મારૂતિ ઈકો જીજે-૦૫-આર.એ-૨૭૫૩ અને ઝાલોદ તરફથી આવતી મહિન્દ્રા બોલેરો જીજે-૦૯-બી.એ-૮૮૯૩ વચ્ચે લીમડી સાઈમંદિર પાસે અકસ્માત સર્જાયો હતો. તેમાં બંને વાહન ચાલકોને ઈજા થતાં તાત્કાલિક લીમડી સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ હતા.

લીમડી પોલિસ સ્ટેશનમાં ઈકો ગાડીમાં સવાર વિપુલ દિનેશ ગેલોતના પિતા દિનેશ નગીન ગેલોતની ફરિયાદ મુજબ તારીખ ૦૫-૧૨-૨૦૨૩ ના રોજ આસરે સવારે ૬ વાગ્યાના અરસામાં વિપુલ ગેલોત લીમડી સાંઈ મંદિરથી ફૂલો લઈ ઝાલોદ નીકળેલ હતો. ત્યારે ઈકો ગાડીનું બોલેરો ગાડી સાથે સાઈમંદિર નજીક અકસ્માતની માહિતી મળી હતી. ત્યાં જતાં બંને ગાડીનું અકસ્માત થયેલ જોવા મળેલ હતું. ત્યાં જોતા ગાડીમાં કોઈ જોવા ન મળતાં લીમડી સરકારી હોસ્પિટલમાં લઈ ગયેલ હોવાની માહિતી મળેલ હતી. બંને ઈજાગ્રસ્ત અવસ્થામાં સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલ હતા. ફરિયાદી પોતાના પુત્ર વિપુલને વધુ સારવાર અર્થે દાહોદ કે.કે.શાહ શાહ હોસ્પિટલમાં લઈ ગયેલ હતા. ત્યાં ડોક્ટર દ્વારા વિપુલને પગમાં ફ્રેક્ચર હોવાનું માલુમ પડેલ હતું. તેથી તેને સારવાર માટે ત્યાં દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ લીમડી પોલિસ સ્ટેશન આવી ઈકો ગાડી ચાલકના પિતા દ્વારા પોલિસ ફરિયાદ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઝાલોદ મુસ્લિમ યુવા ગ્રુપ દ્વારા બાળકોને મોબાઈલ થી દૂર રાખી શારીરિક રીતે મજબૂત બને તેવી ખો-ખો ખેલનું આયોજન કરવામાં આવ્યું

ઝાલોદ,
આજના ટેકનોલોજીના યુગમા આપણા બાળકો શારીરિક રમતોથી દૂર થઈ મોબાઈલ તથા વિડિયો ગેમની લતે લાગી ગયેલ છે. બાળકોને શારીરિક રમતો પ્રત્યે ઉત્સાહ વધે તે હેતુથી તારીખ ૨૮/૧૧/૨૦૨૩ નારોજ મુસ્લિમ યુવા ગ્રુપ દ્વારા એક અનોખું કાર્ય કરવામાં આવ્યું જે કદાચ પ્રથમ વખતે હશે.

સમાજમા અનેક ગૃપો દ્વારા ઘણા સમાજ સેવાના કાર્યો થાય છે. પરંતુ આવનારી પેઢીના શારીરિક અને માનસિક વિકાસ માટે બહુજ ઓછા કાર્યો થાય છે. જેમાં હમણાં નજીકના સમયમાં બે પ્રોગ્રામ મુસ્લિમ યુવા ગ્રુપ દ્વારા કરવામાં આવેલ હતા. (૧) જમાત ખાના માં બાળકોને પોતાની હેલ્થ સાચવવા બાબતે (૨) દોડ સ્પર્ધા નું આયોજન. બંને પ્રોગ્રામ દ્વારા એક નવો ચીલો ચાતરવામાં આવ્યો.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

આજના યુગમાં દરેક સમાજનો ૮૫% લોકો જ્યા મોબાઈલ પાછળ પોતાનો સમય વ્યર્થ કરે છે. જેને વાળવાનો એક આ નવો કીમિયો છે. બાળકોને રમત ગમત પ્રત્યે શોખ જગાડવો આજના ટેકનોલોજીના યુગમા આપણા બાળકો શારીરિક રમતોથી દૂર થઈ મોબાઈલ તથા વિડિયો ગેમની લતે લાગી ગયેલ છે. બાળકોને શારીરિક રમતો પ્રત્યે ઉત્સાહ વધે તે હેતુથી ગત તા.૨૮-૧૧-૨૦૨૩ ના રોજ ધો.૪ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે "દોડ સ્પર્ધા" નું આયોજન કરવામા આવેલ. જેમા ૨૦૦ થી વધુ છોકરાઓએ ભાગ લીધેલ તેમા અલગ-અલગ વિભાગમાં કુલ ૧૩-મેડલ અને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ તથા દરેક સ્પર્ધકને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ. સ્પર્ધામાં આપણા "દારૂલ ઉલૂમ" ના છોકરાઓએ ૧૩ માંથી ૯ મેડલ મેળવેલ જે ખુબજ પ્રસંશનીય છે.

સમગ્ર પ્રોગ્રામ દરમ્યાન છોકરાઓના વાલીઓ દ્વારા સારો પ્રતિસાદ મળ્યો અને આ પ્રોગ્રામમાં મુફ્તી યુસુફ સાબ, રીઝવાનભાઈ કાયરા, હાફિઝશ મોહ્યુદ્દીન, મૌલાના સોએબ, મો.મુહંમદ હવેલીવાલા, મુ.હનીફ કપુરા, કારી સુફીયાન, હા.ઈરફાન મોરા, ઈરફાનભાઈ મોડિયા, ઈબ્રાહિમભાઈ ઝાડી, ઈબ્રાહિમભાઈ કબાડી, ઈમરાન મામુરખા પઠાણ, ઈમરાન શેખ, યાસીન ભાઈ ડાહ્યા વગેરે અનેક લોકોએ ખુબ સહયોગ આપી પ્રોગ્રામને સફળ બનાવ્યો.

ખાસ કરીને મુસ્લિમ યુવા ગ્રુપ જેમણે આ સ્પર્ધાનું આયોજન કર્યું. તેઓ ભવિષ્યમાં પણ દોડ, કુદ, કબડ્ડી, ખો-ખો જેવા પ્રોગ્રામ કરી બાળકોનો ઉત્સાહ વધારે તેવા કાર્યો સતત થાય તેવું લોકો ઈચ્છી રહેલ છે.

# ઝાલોદ નગરમાં ડો.બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિવસે શ્રદ્ધાંજલિ આપવામાં આવી



ઝાલોદ,
તા.૦૬-૧૨-૨૦૨૩ ના રોજ આંબેડકર ચોક પર ડો ભીમરાવ આંબેડકરની ૬૭ મી પુણ્યતિથિએ તેમની પ્રતિમાને ફૂલહાર પહેરાવી શ્રદધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

દર વર્ષે ૦૬ ડિસેમ્બરે, ડો.બાબાસાહેબ આંબેડકરને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અને સન્માન આપવા માટે મહાપરિનિર્વાણ દિવસ ઉજવવામાં આવે છે. ડો.ભીમરાવ આંબેડકર, જેમને આપણે બધા ડો.બાબાસાહેબ આંબેડકરના નામથી પણ જાણીએ છીએ. ડો.આંબેડકરને બંધારણના પિતા કહેવામાં આવે છે. ૦૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ તેમનું અવસાન થયું. દર વર્ષે ૦૬ ડિસેમ્બરે બાબા સાહેબની પુણ્યતિથિને મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ મનાવવા પાછળનું કારણ બાબા સાહેબને આદર અને શ્રદ્ધાંજલિ આપવાનું છે.

ઝાલોદ નગરમાં ડો ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે મોટા પ્રમાણમાં લોકો આવેલ હતા જેમાં વિશેષમાં દાહોદ જિલ્લા ભાજપ એસ.સી. મોરચા પ્રભારી ભરત શ્રીમાળી, મૂકેશ ડામોર, ટપુ વસૈયા, અલ્કેશભાઈ, શનિલાલ ભૂનાતર, સંતોષ ભગોરા તેમજ ભાજપ એસ.સી મોરચાની ટીમ ઉપસ્થિત રહી બાબા સાહેબ અમર રહોના નારા સાથે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# સંજેલીના કકરેલીમાં દિપડાએ બકરાનું મારણ કરતા ગ્રામજનોમાં ભય

દાહોદ,
દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના બે ડુંગર વચ્ચે આવેલ ગામ કકરેલી અમલીયાર ફળિયામાં અંધારાનો લાભ લઈ ઠાળિયામાં બાંધેલ એક બકરાને દિપડાએ ફાડી ખાતા સ્થાનિકોમાં ભય ફેલાયો છે.

સંજેલી તાલુકો જંગલ અને ડુંગરાળ વિસ્તાર ધરાવતો તાલુકો છે. કકરેલી ગામ બે ડુંગર વચ્ચે આવેલ ગામ છે. પાંચ દિવસથી લાઈટથી વંચિત હોવાના કારણે ગ્રામજનોને ભારે હાલાકીઓ વેઠવી પડી રહી છે. બીજી બાજુ લાઈટ ન હોવાના કારણે અંધારાનો લાભ લઈ દિપડાએ બકરાને ફાડી ખાતા ભયનો માહોલ સર્જાયો છે.ઘરના ઠાળિયામાં બાંધેલ બકરાને દિપડાએ મારણ કરતા સંજેલી વન વિભાગને જાણ કરવામાં આવી હતી. સંજેલી તાલુકાના કકરેલી ગામના રાવત જયંતિભાઈ વિરસીંગભાઈના ઘરે ઠાળિયામાં બાંધેલા એક બકરાનુ દિપડાએ મારણ કર્યુ હતુ. તેમજ પાંચ દિવસ પહેલા પવન સાથે વરસાદ વરસવાના કારણે થાંભલો પડી ગયો જેથી પાંચ દિવસથી લાઈટ ન આવતા તકનો લાભ ઉઠાવી દિપડાએ ઠાળિયામાં બાંધેલા બકરાને ટાર્ગેટ કર્યો હોવાનો ગ્રામજનોની ફરિયાદ ઉઠવા પામી છે. સંજેલીના કકરેલી અમલીયાર ફળિયામાં ઠાળિયામાં બાંધેલ એક બકરાને દિપડાએ મારણ કરતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ વનવિભાગને કરવામાં આવી સાથે આ દિપડાને પાંજરુ મુકી પકડવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે. તેમજ પાંચ દિવસથી જે લાઈટ બંધ છે તેને ઝડપથી શરૂ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગણી અને લાગણી છે.

# દાહોદના ગારખાયા વિસ્તારમાં જુગારધામ ઉપર રેઈડ કરી ૩ જુગારીયાને ઝડપ્યા

દાહોદ,
દાહોદ શહેરના ગારખાયા વિસ્તારમાં પાના પત્તા વડે હારજીતના જુગારના અડ્ડા પર પોલીસે ઓચિંતો છાપો મારી ૦૩ જુગારીઓને ઝડપી પાડી દાવ પરથી રોકડા રૂપીયા ૧૦,૦૦૦ ઝડપી પાડ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૫ ડિસેમ્બરના રોજ દાહોદ એ ડિવીઝન પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ શહેરના ગારખાયા વિસ્તારમાં પાના પત્તા વડે રમાતા જુગારના અડ્ડા પર ઓચિંતો છાપો મારી જુગાર રમી રહેલા દિનેશભાઈ મેહજીભાઈ ડાંગી, બાબુભાઈ મનસુખભાઈ બબેરીયા (બંન્ને રહે.ગારખાયા, દાહોદ, તા.જી.દાહોદ) અને સંજયભાઈ કાળુભાઈ મિનામા (રહે. રાણાપુર, રાજપુર ફળિયા, તા.જી.દાહોદ) નાને ઝડપી પાડી પોલીસે દાવ પરથી રોકડા રૂપીયા ૧૦,૦૦૦ રોકડા કબજે કરી પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**ડો.ભીમરાવ આંબેડકર ભારતીય સંવિધાનના નિર્માતા તરીકે ઓળખાય છે. ૬ ડિસેમ્બર ૧૯૫૬માં જેઓનું નિધન થયું હતું અને એમની પુણ્યતિથિને દેશમાં મહાનિર્વાણ દિવસ તરીકે મનાવવામાં આવે છે. જીલ્લા ભાજપ કાર્યાલય દાહોદ દ્વારા તેઓની પુણ્યતિથિ એ તેઓને પુષ્પાંજલિ અર્પણ કરી ઉજવણી કરવામાં આવી હતી.**

# દાહોદ તાલુકા પંચાયત સામે આવેલ ગુજરાતી કુમાર અને કન્યાશાળા તથા બાંધકામ માટે બાળકોને હંગામી સરકારી ટેકનીકલ હાઈસ્કુલના ઓરડામાં વ્યવસ્થા કરાઈ

દાહોદ,
દાહોદ શહેરમાં આંબેડકર ચોકડી પર તાલુકા પંચાયત કચેરીની સામે વર્ષોથી ચાલતી દાહોદની મુખ્ય ગુજરાતી કુમાર અને કન્યાશાળાનું બાંધકામ અત્યંત જર્જરીત થઈ જતા તે જર્જરીત બાંધકામ તોડી પાડી ત્યાં નવું બાંધકામ કરવામાં આવી રહ્યું છે અને જ્યાં સુધી શાળાનું બાંધકામ પૂરૂં નહીં થાય ત્યાં સુધી આ શાળામાં અભ્યાસ કરતા બાળકોને હંગામી ધોરણે દાહોદ સર્કિટ હાઉસની સામે આવેલ સરકારી ટેકનીકલ હાઈસ્કૂલના જુના ઓરડાઓમાં ખસેડવામાં આવ્યા છે. આ ટેકનિકલ સ્કૂલના કેમ્પસમાં લાઈબ્રેરી તેમજ ૧૦૮ ઈમરજન્સી સેવાની ઓફિસ પણ હાલ કાર્યરત છે. આ જગ્યાએ પૂરતા ઓરડાના અભાવે કન્યા શાળાનો સમય સવારનો અને કુમારશાળાનો સમય બપોરનો રાખવામાં આવ્યો છે. મનુષ્યના જીવનમાં પાયાના શિક્ષણનું ખૂબ જ મહત્વ છે. તે સર્વ વિદિત છે. પરંતુ આ ગુજરાતી કુમાર અને કન્યા શાળાના વિદ્યાર્થીઓને પીવાના પાણીની જોઈએ તેવી સગવડ કરવામાં આવી નથી અને હંગામી ધોરણે એક પાઈપલાઈનમાં કેટલાક નળ બેસાડી વિદ્યાર્થીઓને પીવાના પાણીની સુવિધા પ્રદાન કરવામાં આવી છે. જે જગ્યાએ નળ બેસાડવામાં આવ્યા છે, તે જગ્યા પણ પારાવાર ગંદકી વાળી છે અને તે જગ્યાની આસપાસ કાદવ કીચડનું સામ્રાજ્ય રહેતા પાણી પીવા જનાર ભૂલકાઓને કાદવમાં પગ મૂકી જવું પડે છે. તે ખરેખર યોગ્ય છે ખરૂં? ભૂલકાઓ માટે શુદ્ધ પાણીની યોગ્ય સુવિધા પ્રદાન કરવામાં આવે તે જરૂરી છે. શાળામાં અભ્યાસ કરવા આવતા બાળકોને લઘુ શંકા કરવા કે કુદરતી હાજતે જવા મુતરડી તેમજ જાજરૂની વ્યવસ્થા તો જરૂર છે. પરંતુ તે અત્યંત જર્જરીત અવસ્થામાં છે અને તે સફાઈના અભાવે પારાવાર દુર્ગંધ મારતી ગંદકીથી ખદબદી રહ્યા છે. ધોરણ એક થી આઠની ચાલતી આ શાળામાં આટલા બધા વિદ્યાર્થીઓ માટે હંગામી ધોરણે પણ સ્વચ્છ અને સુઘડ મુતરડી અને જાજરૂની વ્યવસ્થા કરવાની તાતી જરૂર છે. વિદ્યાર્થીઓના વર્ગખંડની બહાર સફાઈના અભાવે ઠેરઠેર ગંદગી જોવા મળી રહી છે.

આ કેમ્પસમાં કેટલાક ઓરડાઓ જર્જરીત હાલતમાં હોવાથી તેની દિવાલ પર જર્જરિત હોવાના ચોકડીના નિશાન મારવામાં આવ્યા છે અને આ ઓરડાઓ અત્યંત જર્જરીત હોવાથી તેનો ઉપયોગ કરવો નહીં. તેવા મતલબના લખાણવાળી નોટિસ પણ મારવામાં આવી છે. આ ભય સૂચક લખાણ વાળી નોટિસ લગાવાઈ હોવા છતાં આવા જર્જરીત ઓરડાઓ પૈકીના એક જર્જરી ઓરડામાં છેલ્લા કેટલાય સમયથી ૧૦૮ ઈમરજન્સી સેવા માટેની ઓફિસ કાર્યરત છે અને જેઓ લોકોની જિંદગી બચાવવા માટે રાત દિવસ પ્રયત્નશીલ રહ્યા છે. તેવા ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીને આવા જર્જરિત ઓરડામાં માથે ભયની લટકતી તલવાર વચ્ચે પોતાની ફરજ બજાવવા માટે બેસવા મજબૂર થવું પડે છે. તે ખરેખર તંત્રની બેદરકારીને મામલે ઘણું બધું કહી જાય છે. આ મામલે દોઢેક માસ પહેલાં રજૂઆત તો કરવામાં જરૂર આવી હતી. પરંતુ તેમની રજૂઆત ક્યારે ફળશે તે હવે જોવું રહ્યું!!!!

# દે.બારીઆના અસાયડી ગામે બોરમાંથી ગરમ પાણી નીકળતા આશ્ચર્ય

દે.બારીઆ,
દે.બારીઆ તાલુકાના ભુત ફળિયામાં રહેતા નાનસીંગવાલા બારીયાના રહેણાંક ઘર નજીકના પીવાના પાણી માટે આશરે દોઢ વર્ષ પહેલા સરકારી યોજનામાંથી ગ્રામ પંચાયત અસાયડી દ્વારા બોરસેટ બનાવવામાં આવેલો હતો જયારે બોરસેટ કરવામાં આવ્યો ત્યારે બોરમાં પીવાનુ મીઠુ પાણી આવતુ હતુ જે પાણીનો ઉપયોગ ઘરના સભ્યોને પીવાનુ પાણી તથા જમવા માટે રસોઈ કામમાં તેમજ પોતાના પાલતુ પશુ ઢોરને પીવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો. આજે પણ આ પાણીનો ઉપયોગ ઘર પરિવાર માટે થઈ રહ્યો છે. પરંતુ છેલ્લા એકાદ માસથી હાલમાં આ બોરસેટમાં ગરમ પાણી આવી રહ્યુ છે. ઘણીવાર પાણી વધારે ગરમ હોય પીવા માટે પણ થોડીવાર રાહ જોવી પડે છે. વહેલી સવારે ન્હાવા માટે આ પરિવારમાં પાણી ગરમ કરવાની પણ કોઈ જરૂર પડતી નથી. કેમ કે બોરસેટમાંથી પાણી ગરમ નીકળતુ હોય ન્હાવા માટે ગરમ પાણી મળી રહેતુ હોય છે. ઠંડુ પાણી એકાદ મહિનાથી નહિ આવતા ઓચિંતા ગરમ પાણી આવતા ઘર પરિવારમાં થોડુ અચરજ થયુ હતુ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.89

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાના ધોળી ગામ તળાવ માંથી યુવાનના મળેલ મૃતદેહમાં પત્ની સાથે આડા સંબંધમાં હત્યારાએ હત્યાને અંજામ આપ્યો

## હત્યા આરોપી વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિ

ગોધરા,

ગોધરા તાલુકાના ધોળી ગામના ૩૨ વર્ષીય યુવાનનો તળાવ માંથી મળેલ મૃતદેહમાં આરોપીની પત્ની સાથે આડાસંબંધોની અદાવતે માતાબાઇ મંદિર પાસે તળાવમાં ધકકો મારી પાણીમાં ડુબાડી હત્યા કર્યાનું સામે આવતાં ગોધરા તાલુકા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા તાલુકાના ધોળી ગામે રહેતા મરણજનાર મહેન્દ્રભાઇ ઉર્ફે સંજય કંપનસિંહ બારીયા ઉ.વ.૩૨ના આરોપી રંગીતભાઇ બળવંતભાઇ બારીયાની પત્ની સાથે આડા સંબંધ હોવાની જાણ થતાં મૃતક મહેન્દ્ર ઉર્ફે સંજયની હત્યાનું કાવતરું રચ્યું હતું. મહેન્દ્ર ઉર્ફે સંજય બારીયાને ગામના ગામખેડા માતાબાઈએ ફળ વધેરવાની માનતા કરવા માટે બહાને બાઈક ઉપર તેની સાથે માતાબાઈના મંદિરે લઈ ગયો હતો. માતાબાઈના મંદિરે ફળ વધેર્યા બાદ આરોપી રંગીતભાઇ બારીયાએ મહેન્દ્ર ઉર્ફે સંજય સાથે પોતાની પત્ની સાથે આડાસંબંધોને લઈ ઝપાઝપી કરી માતાબાઈ મંદિર પાસેના તળાવમાં મહેન્દ્ર ઉર્ફે સંજયને ધકકો મારી પાણીમાં ડુબાડી હત્યા કરી નાશી ગયેલ હોય ધોળીના યુવાનનો તળાવ માંથી મળેલ મૃતદેહમાં આડાસંબંધોમાં હત્યાનું પ્રકરણ સામે આવતાં ગોધરા તાલુકા પોલીસે આરોપી રંગીતભાઇ બળવંતભાઇ બારીયા વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# શહેરા તાલુકાના બોરડી ગામે કેસ માંથી બચવા દુધ મંડળીના લેટર પેડ ઉપર લખાણ કરી કોર્ટમાં રજુ કરી સાચા તરીકે ઉપયોગ કરતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના બોરડી ગામે રહેતા ફરિયાદીએ ૨૦૨૧માં આરોપી ઉપર પોલીસ ફરિયાદ કરેલ હોય આ કેસમાં બચવા માટે આરોપીઓએ ધી બોરડી દુધ ઉત્પાદક મંડળીના લેટરપેડ ઉપર ખોટું બનાવટી લખાણ લખી નામદાર કોર્ટમાં સાચા તરીકે ઉપયોગ કરી ફરિયાદીને પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા માટે ખોટા બનાવટી પુરાવાનો સાચા તરીકે ઉપયોગ તેમજ ખોટું નામ ધારણ કરી કોર્ટમાં જુબાની અપાવી ગુનાહિત કાવતરું રચતા આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના બોરડી ગામે રહેતા ભીખાભાઇ અંબાલાલ પટેલ એ ૨૦૨૧માં આરોપી સેજલબેન દિલીપભાઈ પટેલ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરેલ હોય આ કેસમાંથી બચવા માટે આરોપીઓ દિલીપભાઇ કાંતીલાલ પટેલ, સેજલબેન દિલીપભાઈ પટેલ એ ધી બોરડી દુધ ઉત્પાદક મંડળીના લેટરપેડ ઉપર ખોટું લખાણ લખી બનાવટી દસ્તાવેજ બનાવી નામદાર કોર્ટમાં સાચા તરીકે ઉપયોગ કરી ભીખાભાઇ પટેલની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા હેતુથી ઉપયોગ કરેલ મંડળીના લેટરપેડ તથા સિકકા પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે રાખેલ આરોપીઓ પુરાવા ખોટા હોવાનું જાણવા છતાં કોર્ટમાં ન્યાયીક કાર્યવાહીમાં પોતાનું ધાર્યુ પરિણામ લાવવા માટે સાચા તરીકે રજુ કરી તેમજ ખોટું નામધારણ કરી કે કરાવી ખોટી જુબાની આપી અપાવી નામદાર કોર્ટના કલોઝીંગ પુરસીસમાં ફરિયાદી ભીખાભાઇ પટેલની ખોટી સહી કરી કરાવી ગુનાહિત કાવતરુ રચી ગુન્હો કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાતા પોલીસ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરના દસાડા, પાટડી પોલીસ મથકના ૩ ચોરીના ગુન્હામાં ૧૪ વર્ષથી વોન્ટેડ ઘોઘંબા રૂપારેલના આરોપીને પેરોલ સ્કવોર્ડ વાવકુંડલીથી ઝડપ્યો



ઘોઘંબા,

સુરેન્દ્રનગર દસાડા પોલીસ મથક તેમજ પાટડી પોલીસ મથક મળી ૩ ચોરીના બનાવોમાં છેલ્લા ૧૪ વર્ષથી નાસતા ફરતા ઘોઘંબા રૂપારેલના આરોપી અંગે પંચમહાલ પેરોલ ફલો સ્કવોર્ડને મળેલ બાતમીના આધારે વાવકુંડલી ખાતેથી ઝડપી પાડી દસાડા પોલીસને જાણ કરાઈ.

ઘોઘંબા તાલુકાના રૂપારેલ ગામનો આરોપી ચીમનભાઇ ઉર્ફે ટીનાભાઇ રયજીભાઇ ઉર્ફે છીનાભાઇ બારીયા સુરેન્દ્રનગર જીલ્લાના દસાડા પોલીસ મથક અને પાટડી પોલીસ મથકના ૩ ચોરીના ગુન્હામાં છેલ્લા ૧૪ વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય વોન્ટેડ આરોપીને પકડવા સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર દ્વારા ૧૦,૦૦૦/- રૂપીયા આગોતરા ઈનામ જાહેર કરેલ હોય જે આરોપી અંગે તપાસ કરતાં અગાઉ મોડાસા, અમદાવાદ, વડોદરા, હાલોલ, કાલોલ, રાજગઢ પોલીસ મથકમાં વાયર કટીંગની ચોરીઓના ગુન્હામાં સંડોવાયેલ હોય આ આરોપી ચીમનભાઇ ઉર્ફે ટીનો ઉર્ફે છીનાભાઇ બારીયા અંગે પંચમહાલ પેરોલ ફલો સ્કવોર્ડને બાતમી મળી હતી કે, વોન્ટેડ આરોપી ઘોઘંબાના વાવકુંડલી ગામે છે. બાતમીના આધારે વોન્ટેડને ઝડપી પાડી આરોપીને દસાડા પોલીસને આગળની કાર્યવાહી માટે હસ્તગત કરવા જાણ કરાઈ.

# પંચમહાલ જિલ્લામાં વરસાદી માવઠાને કારણે ઈંટોના ભઠ્ઠા માલિકોને ભારે નુકસાન



ગોધરા,

પંચમહાલ જિલ્લાના તાલુકાઓમાં ઈંટોની ભઠ્ઠાઓ દિવાળી શરૂ થતા જ ધમધમી ઉઠતા હોય છે. ગત બે વર્ષથી ઈંટોની ભઠ્ઠાના માલિકોને વરસાદી માવઠાના કારણે ધંધાદારીઓની હાલત કફોડી બની ગઈ છે. દિવાળી શરૂ થતા જ ઈંટો નાં ભઠ્ઠા ઉપર અનેક પરપ્રાંતી શ્રમિક ટોળકીઓ પોતાની રોજીરોટી મેળવવા માટે ઈંટોના ભઠ્ઠા ઉપર માટી કામ કરી ઈંટો ની છપાઈ કરતા હોય છે. દિવાળીથી શરૂ કરેલા મોટાભાગના ઈંટોના ભઠ્ઠા ઉપર એક મહિનામાં અંદાજિત ચાર થી પાંચ લાખ કાચી ઈંટોની છપાઈ થઈ જતી હોય છે. પરંતુ છેલ્લા બે વર્ષથી તે જ સમય દરમિયાન વરસાદી માવઠા થવાના કારણે ભઠ્ઠાના માલિકોના સપના ઉપર પાણી ફરી વળતું હોય છે. શ્રમિકો દ્વારા માટી કામ કરી જમીન પર કાચી ઈંટોની છપાઈ થતી હોય છે. જ્યારે કાચી ઈંટોની છપાઈ પર વરસાદી પાણીનાં પડતા કાચી ઈંટોનું ધોવાણ થતું હોય છે. જેના કારણે મોટી માત્રામાં નુકસાન વેઠવાનો વારો આવતો હોય છે. મજૂરી ખર્ચ તેમજ મટીરીયલ ખર્ચનું ભુકતાંન ઈંટોનાં ભઠ્ઠા માલિકોએ વેઠવું પડતું હોય છે. પંચમહાલ જિલ્લાના ગોધરા, કાલોલ, વેજલપુર, ઘોંઘબા, હાલોલના ગ્રામ્ય વિસ્તારોમાં ધમધમતા ઈંટોની ભઠ્ઠા ઉપર ગત દિવસોમાં વરસાદી માવઠાને કારણે ઈંટો પર પાણી પડતાં તેમજ છપાઈનાં સ્થળો ઉપર પાણી ફરી વળતાં ઈંટો ઓગળી જતાં ભારે નુક્સાન થયું હોવાનુ ઈંટોના ભઠ્ઠાનાં વેપારીઓનું કહેવું છે. મોટા ભાગના ઈંટોના ભઠ્ઠા ઉપર ત્રણ-ચાર લાખ ઈંટો ઓગળી ગઈ હોવાનું ઈંટોના વેપારીઓ જણાવી રહ્યા છે. જોકે, સરકાર દ્વારા આવા ધંધાદારીઓને પણ નુકશાનનું વળતર મળે તેવું ઈંટોનાં ભઠ્ઠા માલિકો પૂછી રહ્યા છે.

# ડો.બાબાસાહેબ આંબેડકરજીની પુણ્યતિથી પંચમહાલ જિલ્લાના કાલોલ ખાતે ભારતીય જનતા પાર્ટીએ શ્રદ્ધાંજલિ આપી



કાલોલ,

ભારતીય બંધારણના ઘડવૈયા, સામાજીક સમરસતાના મહાનાયક, ભારત રત્ન ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરજીની પુણ્યતિથિ હોય બીજેપી પંચમહાલ જિલ્લા તેમજ કાલોલ નગર અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે, તો ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા. મહિલા અને બાળવિકાસ ચેરમેન કિરીટસિંહ, તાલુકા પ્રમુખ સવિતાબેન, ઉપપ્રમુખ ગુણવંતસિંહ કારોબારી અધ્યક્ષ ઉપેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ પ્રમુખ જયદેવસિંહ ઠાકોર, સુનીલ પરમાર ઈન્ચાર્જ જીલ્લા એસસી મોરચો હાજર રહ્યા.

# શ્રી સ્વસ્તિક હાઈસ્કુલના નવીન મકાનના બાંધકામ માટે ચલાલીની દીકરીઓના હાથે ખાતમુર્હત



કાલોલ,

કાલોલ તાલુકાના ચલાલી ગામમાં વર્ષોથી જર્જરિત થયેલી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા મજબૂર બન્યા હતા. ત્યારે કુશા કેમિકલ પ્રાઈવેટ લિમિટેડના કંપનીના ટ્રસ્ટીઓને ધ્યાને આવતા જર્જરિત શાળાની મુલાકાત લીધી હતી. ત્યારેજ મેનેજિંગ ટ્રસ્ટી દ્વારા તાત્કાલિક શાળાનું નવું મકાન બનાવવા માટે જાહેરાત કરી હતી. ત્યારે આજે શ્રી સ્વસ્તિક વિદ્યામંદિર ચલાલીમાં નવીન મકાનના બાંધકામ માટે ચલાલી ગામની દીકરીઓ દ્વારા ખાધમુર્હુત કરાયુ છે. આ શુભ પસંગે કુશા કેમીકલ પ્રાઈવેટ લિમિટેડના મેનેજીંગ ટ્રસ્ટી, સંજયભાઈ શાળાના આચાર્ય અતુલભાઈ પટેલ, રાજેશભાઈ જાદવ અને શાળાના બાળકો અને ગામ માંથી મોટી સંખ્યામાં ગ્રામજનોની હાજરીમાં નવીન મકાનના બાંધકામ માટે ખાતમુર્હત કરાયુ હતું અને ગ્રામજનોએ મેનેજિંગ ટ્રસ્ટીનો આભાર માન્યો હતો.

# ઘોઘંબાના ફરોડ ગામે સમાજની રીતરિવાજે લગ્ન બાદ યુવતિએ અન્ય સાથે રજીસ્ટર પ્રેમ લગ્ન કરતાં ફરિયાદ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ફરોડની મુવાડી ગામના ફરિયાદી સાથે આરોપીના સમાજના રીતરિવાજ મુજબ સમૂહ લગ્નમાં લગ્ન કરેલાનું જાણવા છતાં ઘોઘંબાના કણબીપાલ્લી ગામે ૧૦/૦૭/૨૦૨૩ના રોજ મેરેજ રજીસ્ટાર સમક્ષ પ્રેમ લગ્ન કરતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

વિસ્તૃત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ફરોડની મુવાડી ગામે રહેતા ધર્મેન્દ્રકુમાર વિજયસિંહ પરમાર સાથે વર્ષાબેનના સમાજના રીતરિવાજ મુજબ સમૂહ લગ્નમાં લગ્ન કરેલ હોય તેમ જાણવા છતાં કાલોલ પાધરદેવી ગામના અનિલભાઈ રમેશભાઈ રાઠોડએ વર્ષાબેન ધર્મેન્દ્રકુમાર પરમારની સાથે ઘોઘંબા કણવીપાલ્લી ગામે સીરીયલ નંબર-૮૦/૨૦૨૩ તા.૧૧/૦૭/૨૦૨૩ના રોજ મેરેજ રજીસ્ટાર સમક્ષ પ્રેમ લગ્ન કરી ગુન્હો કર્યાની ફરિયાદ રાજગઢ પોલીસ મથકે નોંધાવા પામી.

# શહેરા પુરવઠા ગોડાઉન ખાતે ત્રણ દિવસથી ટેકાના ભાવે ડાંગરની ખરીદીની કામગીરી ખોરવાઇ





તસ્વીર : તુષાર દરજી, શહેરા

- ગુરૂવારના રોજ થી ડાંગરની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે.
- ત્રણ દિવસથી ટેકાના ભાવે ડાંગરની ખરીદી ત્રણ દિવસથી બંધ હોવાથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા.
- ત્રણ દિવસ બાદ આજે ગુરૂવારના રોજ થી ડાંગરની ટેકાના ભાવે ખરીદી થશે શરૂ.

શહેરા,

શહેરા પુરવઠા ગોડાઉનમાં ત્રીજા દિવસે પણ ટેકાના ભાવે ડાંગરની ખરીદી બંધ રહેવા સાથે સંપૂર્ણ કામગીરી બંધ રહી હતી જ્યારે સાંજના સમયે પુરવઠા વિભાગના નાયબ જીલ્લા મેનેજર જે.બી. દરજી સહિતની ટીમ દ્વારા પુરવઠા ગોડાઉન ની મુલાકાત લઈને ગુરૂવારના રોજ થી ડાંગરની ટેકાના ભાવે અહી ખરીદી શરૂ કરવામાં આવનાર છે.

શહેરા મામલતદાર કચેરીના પાછળના ભાગે આવેલ પુરવઠા ગોડાઉનના મેનેજર સામે પીબીએમ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવતા સોમવારથી લઈને બુધવારના દિવસ સુધી એટલે ત્રણ દિવસ સુધી પુરવઠા ગોડાઉનની સંપૂર્ણ કામગીરી બંધ રહી હતી. જ્યારે પુરવઠા ગોડાઉનમાં ડાંગરની ટેકાના ભાવે ખરીદી ત્રણ દિવસથી બંધ રહેતા ડાંગર વેચવા આવેલ ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જોકે, બુધવારની સાંજના પુરવઠા વિભાગના નાયબ જીલ્લા મેનેજર જે.બી.દરજી સહિતની ટીમ પુરવઠા ગોડાઉન ખાતે આવી પહોંચીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવતા ગુરૂવારના રોજથી અહી ત્રણ દિવસ બાદ ટેકાના ભાવે ડાંગરની ખરીદી શરૂ કરવામાં આવનાર છે. અહીંથી રવિવારના રોજ ૨૫ જેટલા ખેડૂતોને ડાંગર વેચવા માટેના મેસેજ કરવામાં આવ્યા હતા. એ ખેડૂતોની ડાંગર ગુરૂવારના રોજ ખરીદી કરવામાં આવનાર છે. જ્યારે આ બાબતે પુરવઠા ગોડાઉન ખાતે આવેલ નાયબ જીલ્લા મેનેજર જે.બી.દરજીને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે ગુરૂવારના રોજ થી અહીં ડાંગરની ખરીદી શરૂ કરવામાં આવશે અને ખેડૂતોને કોઈ તકલીફ પડે નહીં એનું ધ્યાન રાખવામાં આવનાર છે. આગામી દિવસોમાં કાયમી પુરવઠા ગોડાઉનની નિમણૂક કરવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે, ૨૫૬૫ ખેડૂતોએ ટેકાના ભાવે ડાંગરનું વેચાણ કરવા માટે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હોય અને આશરે ૧૨૮ જેટલા ખેડૂતોની ડાંગર અહીં ખરીદી કરવામાં આવી હોય તો હજુ મોટી સંખ્યામાં ખેડૂતો ડાંગર વેચવા માટે આવનાર હોય ત્યારે જીલ્લા પુરવઠા વિભાગ સહિતના સંબંધિત તંત્ર દ્વારા ખેડૂતોના હિતમાં નિર્ણય લઈને રજીસ્ટ્રેશન કરેલ ખેડૂતોની ટેકાના ભાવે ડાંગરની ખરીદી જેમ બને તેમ વહેલી તકે થાય એવું આયોજન કરવામાં આવે એવી આશા ખેડૂતો રાખી રહયા હતા.

# કાલોલ-વેજલપુર બસ સ્ટેન્ડમાં સર્વર ધીમુ ચાલતા પાસ કઢાવવા આવેલ વિદ્યાર્થીઓને હાલાકી

કાલોલ,

કાલોલ-વેજલપુર બસ સ્ટેશનમાં એસ.ટી. તંત્રના સર્વર છબરડાને પગલે ગોકળગતિએ પાસ નીકળતા હજારો વિદ્યાર્થીઓ અટવાયા હતા.

કાલોલ તાલુકા વિસ્તારમાં દિવાળી વેકેશન પછી ૩૦ નવેમ્બરથી શાળા-કોલેજોમાં નવુ સત્ર શરૂ થઈ ગયા પછી પણ એસ.ટી.વિભાગના સર્વર છબરડાને પગલે એસ.ટી. બસના વિદ્યાર્થી પાસ નહિ નીકળતા વિવિધ શાળાઓ અને કોલેજોમાં અપડાઉન કરતા વિદ્યાર્થીઓની હાલત કફોડી બની હોવાની ઘટના સામે આવી છે. કાલોલ-વેજલપુર બસ સ્ટેશનમાં વિદ્યાર્થીઓને તેમની વિવિધ શાળા-મહાશાળા અને કોલેજ જવા-આવવા માટે એસ.ટી.બસનો પાસ કઢાવવા માટે લાંબી લાઈનો લાગેલી જોવા મળે છે. જે અંગે પાસ કઢાવવા માટે લાંબી કતારોમાં ઉભેલા વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર ૩૦ નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ થયા પછી પાછલા ચાર-પાંચ દિવસથી તાલુકા ભરમાંથી અપડાઉન કરતા વિદ્યર્થીઓ પોતાના એસ.ટી.બસનો પાસ કઢાવવા માટે લાંબી કતારોમાં ઉભા રહે છે. પરંતુ એસ.ટી.ડેપોમાંથી પાસ નીકળતા નથી તેવો રોષ વ્યકત કર્યો હતો. જે અંગે કાલોલ અને વેજલપુર બસ સ્ટેશન સ્થિત બંને ડેપો મેનેજર સાથે વાતચીત કરતા ડેપો મેનેજરે એસ.ટી.વિભાગ દ્વારા ફળવાયેલ નેટ પ્રોવાઈડર સર્વર થોડુ ધીમુ ચાલે છે. અને ઘણુ બંધ રહે છે. જેથી સર્વર માંડ માંડ ચાલી રહ્યુ હોવાથી સત્વરે પાસ નીકળતા નથી તેવી ટેકનીકલ ખામી હોવાનુ જણાવ્યુ હતુ. એસ.ટી. વિભાગના ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર સર્વરના છબરડાને પગલે ગોકળગતિએ પાસ નીકળતા પાછલા પાંચ દિવસોથી હજાર વિદ્યાર્થીઓ તેમના વાલીઓ પણ પાસ માટે કતારોમાં ઉભા રહેલા છે. અને પાસ નહિ નીકળતા બીજા-ત્રીજા દિવસ સુધી ધક્કાઓ ખાઈ રહ્યા છે. તદ્ઉપરાંત એસ.ટી. બસના પાસ વિના પૈસા ખર્ચીને શાળા-કોલેજોમાં જવાનો વારો આવ્યો છે. અને ખાનગી વાહનોમાં રઝળપાટ કરી રહ્યા છે. જેથી એસ.ટી.વિભાગે નેટ પ્રોવાઈડર સર્વર કંપની સાથે અસરકારક કાર્યવાહી હાથ ધરી સત્વરે સમસ્યાઓનુ નિરાકરણ લાવી વિદ્યાર્થીઓના પાસ ઝડપી નીકળે તેવી વાલીઓએ લોકમાંગ કરી છે.

# ઘોઘંબાના રણજીતનગરના ૧૯ વર્ષીય યુવકે અગમ્યકારણથી જંતુનાશક દવા પી જતાં સારવાર અર્થે વડોદરા દાખલ કરાયો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રણજીતનગર ગામે રહેતા ૧૯ વર્ષીય યુવકે કોઈ અગમ્યકારણોસર કપાસમાં છાંટવાની ગોળીઓ ગ્લાસમાં ઓગાળી પી જતાં પ્રથમ સારવાર અર્થે હાલોલ રેફરલ અને વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના રણજીતનગર ગામે રહેતા રાજેન્દ્ર કાળુભાઈ સોલંકી ઉ.વ.૧૯એ કોઈ અગમ્યકારણોસર તા. ૫ ડીસેમ્બરના રોજ રણજીતનગર જંગલમાં કપાસમાં છાંટવાાની ૨૦ થી ૨૫ ગોળીઓ ગ્લાસમાં પાણીમાં ઓગાળીને પી ગયેલ હોય જંતુનાશક દવા પી જતાં યુવકને પ્રાથમિક સારવાર માટે હાલોલ રેફરલમાં અને વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

# ગોધરાના બોડીદ્રા ગામની પરણિતાને દહેજ માટે ત્રાસ આપતાં પતિ અને સાસુ વિરૂદ્ધ

ગોધરા,

ગોધરા તાલુકાના બોડીદ્રા ગામની પરણિતાને લગ્નના રોજ વર્ષથી આરોપીઓ દહેજમાં કઈ લાવી નહી જો દશ લાખ રૂપીયાના દહેજની માંગણી કરી શારીરિક માનસીક ત્રાસ આપી મારઝુડ કરી ઘર માંથી બહાર કાઢી મુકતા પરણિતાએ પતિ અને સાસરીયા વિરૂદ્ધ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના કેવડીયા ગામના છાયાબેનના લગ્ન બોડીદ્રા ગામે લીંબોદર ફળીયામાં કમલકૃષ્ણ આરતસિંહ ચૌહાણ સાથે થયેલ હોય લગ્ન થયા બાદ દોઢ વર્ષથી પતિ અને સાસુએ તું તારા બાપના ઘરેથી દહેજમાં કંઇ લાવેલ નથી. તો રૂપીયા દશ લાખ રૂપીયા લઈઆવ તેવી માંગણી કરી શારીરિક માનસીક ત્રાસ આપી મારઝુડ કરતા હોય પરણિતાના પતિએ મારઝુડ કરી ઘર માંથી કાઢી મૂક્તાં પરણિતાએ ગોધરા મહિલા પોલીસ મથકે પતિ અને સાસુ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# અંબાલી ખાતે શિક્ષણ સમિતિના ચેરમેન અધ્યક્ષપણાની ઉપસ્થિતમાં પરિચય બેઠક મળી



ગોધરા,

ગોધરા તાલુકાના અંબાલી ગામે બી.આર.સી કચેરી ખાતે પંચમહાલના સી.આર.સી તેમજ બીટ નિરીક્ષકોની અગત્યની બેઠક જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન અરવિંદસિંહ પરમારની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેમાં તમામ સી.આર.સી અને બીટ નિરીક્ષકો હાજર રહ્યા હતા. જેઓના દ્વારા પોતાના હસ્તક આવતી શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શાળાની ભોતિક સુવિધાઓ સહિત વિવિધ પ્રવુતિઓ બાબતે ચર્ચા કરી હતી.

પરમાર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષની અંદર બાળકોના સર્વાંગી વિકાસ અને શિક્ષણના પ્રશ્નોનું નિરાકારણ કરી ગુણવતા સુધારવા માટે વિગતવાર સૂચનો અને માર્ગદર્શન આપેલ.

સી.આર.સી અને બીટ નિરીક્ષકો નવનિયુક્ત ચેરમેનનું શાલ, બુકે અને મોમેન્ટો દ્વારા સન્માન કરી તેઓની ચેરમેન તરીકે વરણી થવા બદલ હર્ષની લાગણી વ્યક્ત કરેલ અને અભિનંદન પાઠવેલ.

# ગોધરા પાલિકામાં ઢોર રાખવાના લાયસન્સ રજીસ્ટ્રેશન માટે એક અરજી આવી

ગોધરા,

ગોધરા નગરપાલિકા વિસ્તારમાં રાજય સરકારની ગાઈડલાઈન અનુસરીને રખડતા ઢોર નિયંત્રણ પોલીસી અમલી કરી છે. તેની જાહેરાત અને અમલીકરણ સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે. ગોધરા પાલિકામાં પશુઓના લાયસન્સ માટે રજીસ્ટ્રેશનની ફકત એક જ અરજી આવી છે. જાહેરનામાંને ૪૦ દિવસથી વધુ દિવસ થયા છતાં રખડતા પશુઓની સંખ્યા સામે ફકત એક જ અરજી આવતા પશુપાલકો રજીસ્ટ્રેશન કરાવવામાં ઉણા ઉતર્યા છે.

ઢોર નિયંત્રણ પોલીસી હેઠળ જાહેરનામુ સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યુ છે. ગોધરા પાલિકા વિસ્તારના ઢોરોના લાયસન્સ માટે રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત હોય છે. જાહેરનામુ બહાર પાડ્યા બાદ ચાર માસમાં પશુપાલકે રજીસ્ટ્રેશન કરાવીને લાયસન્સ મેળવી લેવાનુ હોય છે. લાયસન્સ નહિ હોય તેવા ઢોરને શહેર બહાર મુકી દેવામાં આવશે. પશુપાલકે રૂ.૨૦૦ ભરી પશુઓનુ રજીસ્ટ્રેશન કરાવવામાં નહિ આવે તો તે પછી વધારાનો ચાર્જ વસુલાશે. છતાં પાલિકામાં ફકત એક જ અરજી આવી છે. અને એ પણ અધુરી છે. આમ તો પાલિકા વિસ્તારમાં અસંખ્ય રખડતા ઢોરો ફરી રહ્યા છે. પણ હજુ સુધી પશુપાલકોએ પાલિકામાં રજીસ્ટ્રેશન માટે અરજી કરી નથી. જયારે બીજી બાજુ સુપ્રિમ કોર્ટના હુકમથી પાલિકા દ્વારા શરૂઆતમાં રખડતા ઢોર પકડવાની કામગીરી કરીને ૪૬ પશુઓને પકડયા છે. હાલ રખડતા ઢોરોને પકડવાની કામગીરી બંધ હોવાનુ પાલિકાના સેનેટરી અધિકારી જણાવી રહ્યા છે. ત્યારે ભુરાવાવ, પાંજરાપોળ, બસ સ્ટેન્ડ વિસ્તાર, બામરોલી રોડ સહિતના વિસ્તારમાં યમદુત બનીને રખડતા પશુઓ રસ્તા વચ્ચે અડિંગો જમાવીને બેસતા નજરે પડે છે. પાલિકામાં ઢોર નિયંત્રણ માટેના રજીસ્ટ્રેશનમાં એક અરજી આવતા અસરકારક અમલીકરણ કરાવવી જરૂરી છે.